
Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## વિષય-પરિચય.


| | | |
|---|---|---|
| ૧. | વીર પ્રણામ. ...( શાહ બાબુલાલ પાનાચંદ ) ... ... ... | ૪૯ |
| ૨. | સમ્યગ્ જ્ઞાનની કુંચી. ( અનુવાદ )... ... ... ... | ૫૦ |
| ૩. | સિદ્ધ પરમાત્માને બિરાજવાનું સ્થાન કયું ? ( સંપાદક V. ) ... | ૫૩ |
| ૪. | સુભાષિત પદ સંગ્રહ. ( સ. ક. વિ. )... ... ... ... | ૫૪ |
| ૫. | આત્માની શોધમાં. ( લે. ચોકસી ) ... ... ... ... | ૬૦ |
| ૬. | પર્વ તિથિની સ્પષ્ટતા ( લે. મુનિશ્રી વિકાસવિજયજી ) ... ... | ૬૩ |
| ૭. | પાંચ સકાર. ...( અનુ૦ વિઠ્ઠલદાસ મૂ. શાહ ) ... ... ... | ૬૪ |
| ૮. | વર્તમાન સમાચાર. ... ... ... ... ... ... | ૬૭ |
| ૯. | સ્વીકાર અને સમાલોચના. ... ... ... ... ... | ૭૧ |



જલદી મંગાવો. **નવી આવૃત્તિ.** થોડી કોપી સીલીકે.

શ્રી "જૈન તત્ત્વાદર્શ" પૂજ્યપાદ શ્રી વિજયાનંદસૂરીશ્વરજી ( આત્મારામજી ) મહારાજની કૃતિનો અપૂર્વ તત્ત્વજ્ઞાનથી ભરપૂર સાતશેં પાનાનો ગ્રંથ ( બે ભાગમાં ) માત્ર બાર આનાની કિંમતથી મળી શકશે.

બંને ભાગોની થોડી નકલો સીલીકે છે—

## શ્રી બૃહતકલ્પસૂત્ર બીજો ભાગ.

( મૂળ, ભાષ્ય, ટીકા સહિત. )

અતિમાન્ય આ છેદસૂત્રનો બીજો ભાગ પ્રાચીન ભંડારોની અનેક-લિખિત પ્રતો સાથે રાખી અથાગ પરિશ્રમ લઇ સાક્ષરવર્યો મુનિરાજશ્રી **ચતુરવિજયજી** મહારાજ તથા મુનિરાજ શ્રી **પુણ્યવિજયજી** મહારાજે સંશોધન કરી તૈયાર કરેલ છે.

પ્રથમ ભાગ કરતાં બાર ફોર્મનો વધારો થતાં ઘણોજ મોટો ગ્રંથ થયેલ છે અને તે સુંદર ખુ ઉંચા ટકાઉ કાગળ ઉપર, સુંદર શાસ્ત્રી અક્ષરોમાં, શ્રી નિર્ણયસાગર પ્રેસમાં મોટો ખર્ચ કરી છપાવેલ છે. સુશોભિત મજબુત કપડાનું બાઇંડીંગ કરાવ્યું છે. આવું પ્રાચીન સાહિત્ય સુંદર રીતે પદ્ધતિસરનું પ્રકાશન ફક્ત આ સભા જ કરે છે. જૈન જૈનેતર વિદ્વાનો અને હિંદની કોલેજના પ્રોફે-સરો, પાશ્ચિમાત્ય અનેક વિદ્વાનો મુક્તકંઠે પ્રશંસા કરે છે. કિંમત રૂા. ૬-૦-૦ લેવામાં આવશે. ( પોસ્ટેજ જુદું )


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ॐ

# શ્રી આત્માનન્દ પ્રકાશ.

सम्यग्दर्शनशुद्धं यो ज्ञानं विरतिमेव चाप्नुवति ।
दुःखनिमित्तमपीदं येन सुलब्धं भवति जन्मः ॥ १ ॥

" સમ્યગ્દર્શનથી વિશુદ્ધ થયેલા જ્ઞાન અને ચારિત્રને જે પ્રાપ્ત કરે છે તે મનુષ્યનો જન્મ દુઃખનિમિત્ત હોવા છતાં સાર્થક-મુક્તિ-ગમન યોગ્ય થાય છે. "

તત્ત્વાર્થભાષ્ય-શ્રીમદ્ ઉમાસ્વાતિ-વાચક.

पुस्तक ३४ } वीर सं. २४६२. आश्विन, आत्म सं. ४१. { अंक ३ जो.

## વીર—પ્રણામ.

[ ચાલ : કાલી કમલીવાલે...... ]

ક્ષત્રિય કુંડના વાસી વીરને પ્રેમે પ્રણામ.
જબ તક તુમે ગર્ભે આયે,
સારી જગમેં શાંતિ લાયે,
જન્મ્યા આપ જિણંદ, વીરને પ્રેમે પ્રણામ. ક્ષત્રિય૦
તીસ બરસ તક રહા સંસારી,
તબ પીછે હુઆ મહાત્યાગી,
ખપાવ્યા અષ્ટ કરમ, વીરને પ્રેમે પ્રણામ. ક્ષત્રિય૦
ખીર રંધાણી પ્રભુ આપ ચરણે,
ખીલા ઠોકાણા બાપુ આપ કાને,
મહાશાન્ત ગંભીર, વીરને પ્રેમે પ્રણામ. ક્ષત્રીય૦

શાહ બાબુલાલ પાનાચંદ-નડોદકર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સમ્યગ્ જ્ઞાનની કુંચી.

## પરમાત્માનું શુદ્ધ સ્વરૂપ.

### ( જુદા જુદા ધર્મોની દૃષ્ટિએ )

( ગતાંક પૃષ્ઠ ૨૯ થી શરૂ )

## મનુષ્યકર્તા કોઇ છે કે નહિ? તે ઉપર વિચારણા.

પરમેશ્વરે સૃષ્ટિ ઉત્પન્ન કરવાની તકલીફ શા માટે લીધી એ પ્રશ્ન સૃષ્ટિ-ઉત્પત્તિના સંબંધમાં સૌથી પહેલો ઉદ્ભવે છે. જુદા જુદા ધર્મો આ પ્રશ્નનું સમાધાન જુદી જુદી રીતે કરે છે. સૃષ્ટિની ઉત્પત્તિ પરમાત્માની ઇચ્છાથી થઇ, સૃષ્ટિની ઉત્પત્તિ પરમાત્માને સહવાસ જોઇતો હતો તેથી થઇ, સૃષ્ટિની ઉત્પત્તિ પરમાત્માએ પોતાનાં ગૌરવ અને ભક્તિ ખાતર કરી, સૃષ્ટિની ઉત્પત્તિ એ પરમાત્માનું લીલા-કાર્ય છે એમ સૃષ્ટિ-ઉત્પત્તિના સંબંધમાં ભિન્ન ભિન્ન મતો પ્રવર્તે છે. સૃષ્ટિ-સર્જનના સંબંધમાં આ ચાર મતો પૈકી પહેલા ત્રણ મતો સાવ દોષપૂર્ણ છે. એ ત્રણ મતોમાંનો એક પણ મત સમાધાનકારક થઇ શકતો નથી; માત્ર ચોથો મત એવો છે જેથી ચિત્તનું કંઇક પણ સમાધાન થઇ શકે છે.

પરમાત્મા સ્વયમેવ પરિપૂર્ણ હોય તો તેને કોઇ પણ પ્રકારની મહ-ત્ત્વાકાંક્ષા ન હોય એ દેખીતું છે. પરમ સુખ* એ પરમાત્માનો વિશિષ્ટ ગુણ છે. પરમ સુખમય દશામાં આત્મા પરિપૂર્ણ હોય, સંપૂર્ણ જ્ઞાન હોય અને કોઇ પણ પ્રકારની ઇચ્છાની વિદ્યમાનતા પણ ન હોય. પરમાત્માએ સૃષ્ટિ ઉત્પન્ન કરીને અનેક આત્માઓ પોતાની ભક્તિ કરશે એવા વિચારથી આનંદ માન્યો હોય તો પરમાત્મા કદાપિ સુખી ન થઇ શકે. પરમાત્માનો એ આનંદ સ્વાયત્ત નથી પણ પરાધીન છે.

દુઃખી મનુષ્યોના સહવાસથી સુખની પ્રાપ્તિ ન હોય. આમ છતાં

---

* પરમાત્મામાં રૌદ્રતાનું મંતવ્ય અયુક્ત છે. રૌદ્રતામાં સુખ ન સંભવી શકે. રૌદ્રતા અને સુખ વચ્ચે પરસ્પર વિરોધ છે એ સુસિદ્ધ છે. સુખ તો મનના સમભાવથી જ પરિણમે છે. પરમાત્મા ક્રોધી હોય તો તેને ચિત્તની શાન્તિ ક્ષણ પણ ન હોઇ શકે. તેને સુખનો અનુભવ કદાપિ ન થાય. આવો પરમાત્મા કોઇને ઉપયોગી થઇ શકે? જે ઇશ્વરને જ સુખની આવશ્યકતા હોય તે બીજાઓને સુખી ન બનાવી શકે એ સહજ સમજી શકાય તેમ છે. પરમાત્મામાં ક્રોધની સંભાવના શક્ય જ નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સુખની અપ્રાપ્તિનો પરમાત્માને પૂર્વવિચાર ન આવ્યો એ પરમાત્માની સર્વજ્ઞતાને એક કલંકરૂપ છે. સર્વજ્ઞ પ્રભુને દુઃખી અને અજ્ઞાન મનુષ્યોના સહવાસથી સુખની પ્રાપ્તિ કેમ સંભવી શકે ? આના કરતાં તો પ્રભુએ સૃષ્ટિની ઉત્પત્તિ ન જ કરી હોત તો તે ઠીક થઈ પડત. સૃષ્ટિની ઉત્પત્તિ થયાથી પારાવાર દુઃખની પરિણતિ થઇ છે. સર્વ શક્તિમાન ગણાતા પ્રભુએ આવી દુઃખમય સૃષ્ટિનું સર્જન શા માટે કર્યું હશે એ સમજી નથી શકાતું. પરમાત્માને સહવાસની પ્રબળ ઇચ્છા હતી એમ માની લઇએ તો પરમાત્માએ સર્વ પ્રાણીઓને સુખી બનાવવા જોઇતા હતા એમ જરૂર કહી શકાય. પ્રભુએ સૃષ્ટિ ઉત્પન્ન કરી એવાં મંતવ્યનો નિરોધ કરનારા આ સર્વ મુદ્દાઓ અભ્યાસીએ ખાસ વિચારવા યોગ્ય છે.

ઇશ્વરને સૃષ્ટિની ઉત્પત્તિ કરવાનો ભાવ ન હોય એ સિદ્ધાન્તનો ભગવદ્ગીતા સ્વીકાર કરે છે, આમ છતાં સૃષ્ટિનું સર્જનકાર્ય પરમાત્માનાં સત્ત્વાંશમાંથી થયું છે એમ ભગવદ્ગીતા કહે છે. સૃષ્ટિની ઉત્પત્તિના સંબંધમાં ગીતામાં કહ્યું છે કેઃ–

“ હે કૌન્તેય ! સૃષ્ટિ–યુગ પૂરો થતાં વિશ્વના સર્વ જીવો મારાં નિકૃષ્ટ સ્વરૂપમાં પ્રવિષ્ટ થાય છે. સૃષ્ટિ–યુગના પ્રારંભમાં એ જીવોનું પુનઃ નિઃસારણ થાય છે. આ પ્રમાણે દરેક યુગમાં થયા કરે છે. હું વિશ્વનો નિરીક્ષક છું. સૃષ્ટિ ઉત્પત્તિના સંબંધમાં મારાં કોઈ પણ કાર્યથી મને બંધન નથી પ્રાપ્ત થતું. હું તો સર્વોચ્ચ પદે રહીને અલિપ્ત જ રહું છું.

કુરાનનાં બીજાં પ્રકરણમાં જણાવ્યું છે કેઃ–

“ પરમાત્માનું સિંહાસન સ્વર્ગ તેમજ પૃથ્વીમાં સર્વત્ર વ્યાપક છે. જીવોની સંભાળ એ પરમાત્માને ભારરૂપ નથી થતી. ”

પરમાત્માએ કોઇ નિશ્ચયયુક્ત સંકલ્પપૂર્વક સૃષ્ટિનું સર્જન નથી જ કર્યું એમ આ રીતે પ્રતીત થઇ શકે છે. સૃષ્ટિનું સર્જન પરમાત્માની કાર્યકારી પ્રવૃત્તિ–શક્તિથી થાય છે એવું અનુમાન બાંધી શકાય છે. પરમાત્માને સૃષ્ટિ–સર્જન માટે કંઇ ઉત્કટ ઇચ્છા થતી હોય એમ દિસતું નથી. આથી સૃષ્ટિની ઉત્પત્તિ એ પરમાત્માની લીલારૂપ છે એમ નિષ્પન્ન થાય છે; પણ પરમાત્મા એક શક્તિ છે, એ શક્તિ કલ્પના આદિનો ઉદ્ભવ પણ કરી શકે છે એમ વિચાર કરતાં સૃષ્ટિ પરમાત્માની લીલારૂપ હોય એ પણ શક્ય નથી લાગતું. વિચારોરૂપ મહાન્ શક્તિને ઉત્પન્ન કરનાર પ્રભુ લીલારૂપ સૃષ્ટિનું સર્જન કરે એ છેક અમાન્ય થઈ પડે છે. જે વિચારોની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મહાન્ શક્તિનું નિરૂપણ મહાન્ ગ્રંથોમાં થયું છે તે વિચારના ઉત્પાદક પ્રભુ સૃષ્ટિ–સર્જન લીલાવશાત્ કરે એ ઉપહાસયુક્ત લાગે છે.

વિચારો કંઈ જેવી તેવી શક્તિ નથી. વિચારોની આંતરશક્તિથી દશ્યમાન થતી અનેક વસ્તુઓ અને કાર્યો પરિણમે છે એમ 'The Secret Doctrine' (ગુપ્ત સિદ્ધાન્ત)માં સ્પષ્ટ રીતે કહ્યું છે. વિચારનાં બળથી પ્રભુએ સૃષ્ટિની ઉત્પત્તિ કરી એમ 'Gospel of St. John' ના કર્ત્તા કહે છે. વિચારોની શક્તિનું મહત્ત્વ આ સર્વ ઉપરથી સૂચિત થાય છે. બ્રહ્મ એટલે વિચારોરૂપે જે અત્યંત વિકસી રહે છે તે એવો બ્રહ્મનો એક અર્થ લેતાં તેથી પણ વિચારોની મહત્તા વિચારણીય થઇ પડે છે.

કલ્પના કે ભાવમન જે સર્વ આત્માઓમાં સામાન્યપણે પ્રવર્ત્તે છે તે જ બ્રહ્મજ્ઞાનનાં ઉત્પાદક છે એમ કેટલાક ધર્મ–મંતવ્યોથી પ્રતીત થાય છે. ઘણાંખરાં ધર્મો પરમાત્માને વિશ્વવ્યાપી મહાન્ સત્ત્વરૂપ ગણે છે. આથી જ ગીતાજીમાં કહ્યું છે કેઃ–

" હું આખાંયે વિશ્વમાં મારાં અદશ્ય સ્વરૂપથી વ્યાપ્ત રહું છું. સર્વ જીવોનું મૂળ મારામાં રહેલ છે. સર્વ જીવોનાં આધારરૂપ છું. આમ છતાં મારૂં મૂળ વિશ્વના જીવોમાં નથી. હું જીવોનું આદિકારણ છું. વાયુનું મૂળ જેમ સૂક્ષ્મ વાયુમાં છે તેમ સર્વ જીવોનું મૂળ મારી અંદર છે."

બાઇબલમાં પણ પરમાત્માનાં સર્વવ્યાપકત્વનો મનનીય ઉલ્લેખ કરવામાં આવ્યો છે. પરમાત્મા સ્વર્ગના સ્વર્ગથી પણ પર છે, એમ તેમાં સ્પષ્ટ રીતે જણાવવામાં આવ્યું છે. સંત પોલે પરમાત્મામાં સર્વ જીવોનું અસ્તિત્વ છે, સર્વ જીવોની ગતિ પરમાત્માથી જ થાય છે એમ કહીને પરમાત્માનાં દિવ્ય નિઃસરણ સંબંધી નિર્દેશ કર્યો છે.

પરમાત્માનાં નિઃસરણના સંબંધમાં દિવ્યતાનો ખ્યાલ કાઢી નાખીએ તો જે તે વર્ગની વસ્તુઓ અને પ્રાણીઓની ઉત્પત્તિ એવો અર્થ ઘટાવી શકાય છે. પરમાત્મામાં નરત્વભાવનું આરોપણ બુદ્ધિની દૃષ્ટિએ યથાર્થ નથી લાગતું. સૃષ્ટિનો કર્ત્તા હોવાની માન્યતા બુદ્ધિપુરઃસર નથી જણાતી. આમ છતાં સૃષ્ટિ–કર્તા સંબંધી ઘણાખરા મનુષ્યોની અંધમાન્યતા એવી છે કે, સૃષ્ટિ–કર્તાના સિદ્ધાન્તનો વિશેષ પ્રતિકાર આવશ્યક થઇ પડે છે. આથી આપણે એ સિદ્ધાન્તની દોષપૂર્ણતા સંબંધી વિશેષ વિચાર કરીએ. (ચાલુ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સિદ્ધ પરમાત્માને બિરાજવાનું સ્થળ કયું ?

સૂક્ષ્મ, સુંદર, અનુપમ, સુગંધિત, પવિત્ર પરમ શુકલ વર્ણવાળી **પ્રાગ્ભારા** નામની પૃથ્વી કે જે લોકના મસ્તક ઉપર અર્થાત્ શિખર પર છે, જેનો વિસ્તાર અઢી દ્વીપની ( પીસ્તાલીશ લાખ જોજન લાંબી પહોળી ) બરોબર છે અને તે શ્વેત છત્રના જેવી આકારવાળી છે. તે પૃથ્વી એક રજ્જુ પહોળી, સાત રજ્જુ લાંબી અને આઠ જોજન જાડી છે. ( મનુષ્ય ક્ષેત્ર સમાન ગોળ છે. ) તે છેલ્લા એક જોજનના છેલ્લા ગાઉના છઠ્ઠા ભાગ ઉપર સિદ્ધ ભગવાન બિરાજે છે.

પરમાત્મા સિદ્ધ ભગવાનને સમ્યક્ત્વ ભાવ, સિદ્ધત્વભાવ, સુખ, વીર્ય, ચારિત્ર આદિ સમસ્ત ભાવ છે તે તાદાત્મ્યરૂપે કેવળજ્ઞાન અને કેવળદર્શનમાં સમાયેલ છે. જે અભિન્નરૂપ છે. હેતુનો અભાવ હોવાથી સિદ્ધોમાં ક્રિયા હોતી નથી. સમગ્ર કર્મ બંધન છૂટવાથી લોકના અંતભાગ તક ધર્મદ્રવ્ય ગતિ હેતુભૂત જ્યાં સુધી છે ત્યાંસુધી એક સમયમાં મુક્ત આત્માનું ગમન થાય છે. ધર્માસ્તિકાય આગળ નહિં હોવાથી ત્યાં જ સિદ્ધ ભગવાન બિરાજે છે, આગળ ગતિ થઇ શકતી નથી.

સિદ્ધ ભગવાનું સુખ સંસાર સંબંધી સુખોથી સર્વથા ભિન્ન છે કે જેનો કોઇ દિવસ અંત નથી, તેમજ તેઓના સુખમાં કોઈ જાતની બાધા કે આકુલતા નથી.

૧ વિષયમાં, ૨ વેદનાના અભાવમાં, ૩ કર્મોના ફલોદયમાં જે સુખ સમાયેલું છે તે શરીરજન્ય સુખ સિદ્ધના જીવોમાં નથી, પરંતુ કર્મ-જનિત કલેશોના છૂટકારાથી મોક્ષાવસ્થામાં જીવોને આત્મીય સ્વાભાવિક અનંત, અખંડ સુખ મોક્ષાવસ્થામાં પ્રગટ થાય છે, જે ખરૂં અસાધારણ અનુપમ સુખ છે. પ્રથમના ત્રણ સુખો સાંસારિક, નશ્વર, ક્ષણિક, આત્મીય ગુણોના ઘાતક દુઃખ ફળ છે.

મોક્ષાવસ્થામાં નથી પરિશ્રમ, નથી ખેદ, નથી વ્યાધિ, નથી મદ, નથી પીડા, નથી કામવ્યથા, નથી મોહ, નથી દર્શનાવરણ કર્મનો ઉદય, સમસ્ત વિકારોથી રહિત, પરમ શુદ્ધ આત્માની સ્વાભાવિક અવસ્થા( સમસ્ત સર્વ કર્મો રહિત )નું નામ મોક્ષ છે. આ સમસ્ત લોકમાં એવો કોઇ પણ પદાર્થ નથી કે જે મોક્ષસુખની તુલનામાં આવી શકે, તેટલા માટે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સુભાષિત પદ સંગ્રહ

સં. શાંતમૂર્તિ શ્રી કર્પૂરવિજયજી મહારાજ.

( ગતાંક પૃષ્ટ ૪૧ થી શરૂ. )

**'અતિલોભ'**—અતિલોભ કરનારના માથે કાળચક્ર ભમ્યા કરે છે. અતિલોભને વશ થએલ સુભૂમ ચક્રવર્ત્તી સાગરમાં ડૂબી મુઓ.

**'પૃથ્વીને કેવળ ભારભૂત'**—વિદ્યા, તપ, દાન, જ્ઞાન, શીલ–ગુણ ને ધર્મહીન જનો આ મૃત્યુલોકમાં માત્ર ભારભૂત જેવા મનુષ્યરૂપે પશુતુલ્ય સમજવા. સુજ્ઞજનોએ ઉક્ત ગુણોનો વિકાસ સાધવો.

**'મનુષ્યની તુલના'**—સાવ નબળા લોકો વિઘ્ન આવવાના ભયથી કોઈ સારૂં કાર્ય શરૂ કરી શકતા નથી, મધ્યમ પ્રકારના લોકો વિઘ્ન આવતાં વિકળ બની આરંભેલ કાર્યને તજી દે છે; પણ ઉત્તમ જનો તો વારંવાર વિઘ્નો આવ્યા છતાં આરંભેલા કાર્યને વળગી રહે છે–તજતા નથી જ.

**'નરકે જનાર'**—અત્યન્ત કોપ, કડવી વાણી, તન–મનની દરિદ્રતા, સ્વજનો સાથે વિરોધ, નીચ જનોનો પ્રસંગ અને કુળહીનની સેવા: એ સઘળા નરક પ્રત્યે પ્રયાણ કરનારાઓમાં પ્રગટ ચિન્હો લેખવા.

**'શા કામનું ?'**—કંઠહીનનું ગીત, ગુણહીનનું રૂપ, દાનહીનનું ધન અને માન–સન્માનહીનનું ભોજન શા કામનું ?

**'લક્ષ્મીનંદનને બારણે'**—વયોવૃદ્ધ, તપોવૃદ્ધ, રાજવૃદ્ધ ને બહુશ્રુત સઘળાયે લક્ષ્મીનંદનને બારણે કિંકરની જેમ ખડા રહે છે. ( તેમ છતાં ખરી નીતિથી પૈસા પેદા કરનારને તેનો અહંકાર કરવો ન ઘટે. )

**'અતિ વર્જવું'**—માન વગરનું ભોજન અને ભાષણ મરણ નીપજાવે છે એમ સમજી તેમાં મિથ્યાભિમાન રાખવું નહી. યતઃ **बहुरत्ना वसुंधरा।**

---

જ નિરૂપમ સુખ કહેવાય છે. તે ઇંદ્રિયગોચર પણ થઈ શકે તેવું નથી. તેનો સાક્ષાત્કાર તો શ્રી અરિહંત ભગવાન જ કરી શકે. આપણે અલ્પ જ્ઞાનીઓ અરિહંત ભગવંતના ઉપદેશથી કે અન્ય આચાર્ય, ઉપદેશક મહારાજના ઉપદેશથી, આગમપ્રમાણથી જ તે વસ્તુ માનવી પડે જ. શ્રી અરિહંત ભગવાનના વચનો ઉપર પરમ શ્રદ્ધા રાખવાવાળા મનુષ્યો જ આગમપ્રમાણથી તેનો યથાયોગ્ય અનુભવ કરી શકે અને તેને માટે પુરૂષાર્થ કરનાર સાક્ષાત્ અનુભવ કરી–કરતાં મોક્ષપદનો અધિકારી બની શકે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**'કળથી કામ'**—જે કામ બળથી બની ન જ શકે તે કળથી થઈ શકે છે. એથી ધાર્યું કામ સાધી શકાય છે અને લોકમાં હાંસી થતી નથી.

**'સજ્જનનાં આચરણ'**—તૃષ્ણાને તજી દે, ક્ષમા-સમતાને સેવે, મદ-ઉન્માદને છંડે, પાપ-કૃત્યમાં પ્રીતિ ન જોડે, સત્યનો સ્વીકાર કરે, સારી પ્રમાણિકતા આદરે, વિદ્વાનોની સેવા-સંગતિ કરે, લાયક જનોનો યોગ્ય સત્કાર કરે, શત્રુઓ સાથે પણ સુલેહ શાન્તિ જાળવે, સ્વગુણને ઢાંકે-પ્રગટ કરી વખાણે નહીં, ઉપાર્જિત કીર્તિનું રક્ષણ કરે અને દુઃખી જનો ઉપર દયા અનુકંપા કરે એ સજ્જનોનાં લક્ષણ છે. ઇતિશમ્

## વાસ્તવિક બોધ.

**(૧) મુમુક્ષુ-સાધુ જનોને ચાતુર્માસ કરવા યોગ્ય ક્ષેત્ર-ગુણો**-૧ જ્યાં ભૂમિ કાદવ રહિત-સૂકી રહેતી હોય, ૨ સંમૂર્છિમ જીવોની ઉત્પત્તિ અલ્પ હોય, ૩ બહારલી સ્થંડિલ ભૂમિ પ્રાસુક (નિર્જીવ)ને ઉપદ્રવ વગરની હોય ૪ ઉપાશ્રય, સ્ત્રી, પશુ, પંડકના સંવાસ-પરિચય વગરનો હોય, ૫ ગોરસ-દૂધ, તક્રાદિ પુષ્કળ મળે, ૬ જ્યાં સાધુઓનો પરાભવ કોઈ કરી ન શકે, ૭ વૈદ્યાદિકની અનુકૂળતા હોય, ૮ ઔષધ-ભેષજ સહજે મળે. ૯ ગૃહસ્થાનાં ઘર સમૃદ્ધ હોય. ૧૦ રાજા-અધિકારી ધિમષ્ટ (સાધુનો ગુણરાગી) હોય, ૧૧ અન્ય દર્શનીઓ સાધુઓનો તિરસ્કાર કરી ન શકે. ૧૨ ભિક્ષા સુખે મળી શકે. ૧૩ સ્વાધ્યાયમાં ખામી ન આવે.

**(૨) છ વસ્તુ પામવી દુર્લભ છતાં જરૂરની છે.**-૧ મનુષ્યભવ, ૨ આર્ય (ઉત્તમ-ધર્મી) કુળ, ૩ પાંચે ઇન્દ્રિયો પરેવડી (પૂરી-નીરોગી) ૪ શાસ્ત્ર-સિદ્ધાન્ત શ્રવણ, ૫ તત્ત્વ-શ્રદ્ધા, ૬ સંયમમાર્ગમાં યોગ્ય આદર.

**(૩) સમકિતનાં છ સ્થાનક**-૧ જીવ-આત્માદિક પદાર્થની સદ્દહણા, ૨ આત્મા નિત્ય છે, ૩ આત્મા શુભાશુભ કર્મનો કર્તા છે, ૪ કર્યા કર્મનો ભોક્તા છે, ૫ અનુક્રમે સકળ કર્મથી છૂટકારો-મોક્ષ પુરૂષાર્થવડે થવા પામે છે. ૬ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની આરાધના એ મોક્ષનો ઉપાય છે.

**(૪) છ પ્રકારે સમકિત પામેલું હારી જાય**-૧-૨ અરિહંતના તથા અરિહંત પ્રરૂપિત ધર્મના અપવાદ બોલવાથી, ૩ આચાર્ય-ઉપાધ્યાયના અવર્ણવાદ બોલવાથી, ૪ સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકારૂપ ચતુર્વિધ સંઘના અવર્ણવાદ બોલવાથી, ૫ ભૂત યક્ષાદિકના ઉપદ્રવથી પરવશ બની જવાથી તથા ૬ મોહજનિત ઉન્માદપણાથી સમકિત વમીને મિથ્યાત્વ પામે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**( ૫ ) નરકથી આવેલ જીવના લક્ષણઃ**-શરીર, અસુંદર આકારવાળું હોય, કલેશપ્રિય, રોગગ્રસ્ત હોય, અતિ ભયથી વિહ્વળ અને અતિ ક્રોધી હોય.

**( ૬ ) તિર્યંચ-ગતિમાંથી આવેલ જીવનાં લક્ષણઃ**-અતિ લોભી, અતિ માયા-કપટી, અતિ અસત્યવાદી ( જૂઠા બોલો ), અતિ ક્ષુધાળુ-ખાઉકડ હોય, મૂર્ખ હોય અને મૂર્ખની સાથે પ્રીતિ રાખનાર હોય.

**( ૭ ) મનુષ્ય ગતિમાંથી આવેલ જીવનાં લક્ષણઃ**-સુભાગી ( સહુને વહાલો લાગે એવો ) હોય, મિષ્ટ વચન બોલવાવાળો હોય, દાનેશ્વરી-દાતાર હોય, સરલ-માયાકપટ વગરનો હોય, ચતુર-વ્યવહારકુશળ હોય અને ચતુર સાથે મિત્રતા રાખવાવાળો હોય.

**( ૮ ) દેવગતિમાંથી આવનાર જીવનાં લક્ષણઃ**-સત્યવાદી ને દૃઢ ધર્મી હોય, દેવગુરૂનો ભક્ત હોય, ધનવાન હોય, રૂપવાન પંડિત હોય, પંડિતજનો સાથે પ્રીતિ જોડનાર હોય.

**( ૯ ) નકારનાં છ લક્ષણઃ**-જવાબ વાળતાં આંખો મીંચે, આડું-અવળું દેખે, ઉંચું-નીચું જોવે, જમીન ખોતરવા માંડે બીજાની જોડે વાત કરવા માંડે અથવા મૌન પકડે-જવાબ દેવામાં વિલંબ કરે.

**( ૧૦ ) છ પ્રકારના મતઃ**-૧ જૈન મતવાળા જેને **કર્મ** કહે છે તેને ૨ સાંખ્ય મતવાળા **પ્રકૃતિ** કહે છે, ૩ વેદાન્તિકો **માયા** કહે છે, ૪ નૈયાયિકો-વૈશેષિકો **અદષ્ટ** કહે છે, ૫ બૌદ્ધમતવાળા **વાસના** કહે છે અને ૬ કોઇ કોઇ મતવાળા તેને ઈશ્વરની **લીલા** કહે છે--માને છે.

**( ૧૧ ) અંતરંગ છ શત્રુઓઃ**-કામ ( પરસ્ત્રી-પુરૂષ પ્રત્યે વિષય-ભોગ સંબંધી દુષ્ટ વિચાર ) ક્રોધ, લોભ, માન ( અહંકાર ), મદ ( જાતિ-કુળ-બળ-રૂપ-લાભ-ઐશ્વર્ય-તપ-વિદ્યા સંબંધી ), હર્ષ ( નાહક અન્ય જીવોને દુઃખ-પરિતાપ ઉપજાવી તથા ચોરી-જૂગાર-શીકાર પ્રમુખ દુર્વ્યસન સેવી મનમાં મગ્ન થવું એ સઘળાને આત્માના કટ્ટા દુશ્મન જાણી, તેનાથી સદાય દૂર રહેવા લક્ષ રાખવું

**(૧૨) તીર્થયાત્રા પ્રસંગે પાળવા યોગ્ય છરીઃ**-૧ સચિત્ત ( સજીવ ખાન-પાન ) નો **પરિહારી, ૨ એકલઆહારી**-એક જ વખત સ્થિર આસને નિર્દોષ ખાન પાનનું સેવન, ૩ **ગુરૂપાદચારી** ( શ્રી ગુરૂદેવને આગળ કરીને તેમની પાછળ વિનય-બહુમાન સહિત, વાહનાદિક રહિત પગપાળા ચાલવું ) ૪ **ભૂમિસંથારી**-( માંચો, પલંગ, ખાટ, પાટ, વિગેરે તજી ભૂમિ ઉપર સૂવું-સંથારવું.) **૫ બ્રહ્મચર્યધારી** ( યાત્રાના દિવસોમાં વિષયવાસના તજી સંતોષવૃત્તિ ધારી નિર્મળ શીલ-વ્રતનું પાલન કરવું. )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૬ **આવશ્યક હોયવારી** (પ્રાતઃકાળ અને સાયંકાળ બંને વખત પ્રતિક્રમણ કરી પાપ-અતિચારને ટાળવા ખપ કરવો.) છેલ્લી **રીને** બદલે **શુદ્ધ સમ્યક્ત્વધારી** અથવા **મિથ્યાત્વપરિહારી** પણ લેખાય છે.

**(૧૩)** પરભવનું આયુષ્ય બાંધતા, ગતિ–જાતિ–અવગાહના–અનુભાગ (રસ) અને પ્રદેશ (દળ–સંચય) સાથે બાંધે.

(**૧૪**) **સાતનો સંગ્રહ કરવો**ઃ–યશ–કીર્તિ-અર્થ–ગુણ–સુમિત્ર-કળા અને વિજ્ઞાન.

(**૧૫**) **સાતને તજવા**–દુર્જનસંગ, કુભાર્યા, વેશ્યા, પરસ્ત્રી, કદાગ્રહ કુપુત્ર અને બાળચેષ્ટા.

(**૧૬**) **સાતને આદરવા** ક્ષમા, સુગુરૂસેવા, સુશીલતા, જ્ઞાન, કુળક્રમ, ધર્મ અને વિનય.

(**૧૭**, **સાત ભય**-ઇહલોક ભય, પરલોક ભય, ચોરનો ભય, અકસ્માત ભય, આજીવિકા ભય, અપયશ ભય, મરણ ભય, વિવેકવડે વારવો.

(**૧૮**) **સાત ઇતિ ઉપદ્રવ** અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, તીડ, મૂષક, સૂડા, સ્વચક્રભય અને પરચક્રભય.

(**૧૯**) **સાત પ્રકારે ઉત્તમતા**–પ્રિય વાણી, અર્થકથન, સ્વપરોપકાર, અનાત્મપ્રશંસા, પરસ્ત્રીવર્જન, કૃતજ્ઞતા, પરગવચિંતા.

(**૨૦**) **ગૃહસ્થોને સાત સ્થાને મૌન**–ભોજને, વચને, સ્નાને, મૈથુને, મળવિસર્જને, સામાયકે તથા દેવપૂજન કરતા.

(**૨૧**) **સાધુને સાત સ્થાનકે મૌન**–પડિક્કમણે, માર્ગગમને, ભોજને, પડિલેહણે, વડીનીતિ અને લઘુનીતિ કરતી વખતે, વસ્તુ લેતાં મૂકતાં, વાતચીત કરતાં, ઉપયોગશૂન્યતાથી વિરાધના કરે.

(**૨૨**) **ચૈત્યવંદન**-એક શક્રસ્તવવડે જઘન્ય, બે–ત્રણવડે મધ્યમ અને ચાર–પાંચવડે ઉત્કૃષ્ટ ચૈત્યવંદન જાણવું.

(**૨૩**) **વિનય**–જ્ઞાન-દર્શન ચારિત્ર વિનય, મન–વચન કાય વિનય તથા ઉપચારિક-લૌકિક વિનય.

(**૨૪**) **નિર્દોષ ભાષા** થોડું, મધુરૂં, ગુણકારી, કાર્યપ્રસંગ પૂરતું, ડાહ્યું, ડહાપણભર્યું, સરલ ને સૂત્રાનુસારે બોલવું.

(**૨૫**) **પૈસાને ભય**–રાજભય, ચોરભય, કુટુંબભય, આગભય, જળભય, ભાગીદારનો ભય, તથા વિનાશભય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**( ૨૬ ) આયુષ્ય ઘટે**–ત્રાસથી, શસ્ત્ર પ્રહારથી, મંત્રતંત્ર, (કામણ–દુમણ )થી, અતિ આહાર આરોગવાથી શૂલાદિક રોગની વેદનાથી, સર્પાદિકના વિષથી તેમ જ એક સાથે ઘણા શ્વાસોશ્વાસ લેવાયાથી

**( ૨૭ ) અતિ સુષમ કાળ**–મેઘ કાળે વરસે, અકાળે ન વરસે, સંત સુસાધુજનોની યોગ્ય સેવા, કુસાધુઓની નહીં, પુત્ર–શિષ્યાદિવડે માબાપ ગુરૂપ્રમુખનો યથાયોગ્ય વિનય–સેવા સચવાય, મન–વચનમાં શાંતિ જળવાય.

**( ૨૮ ) જયણા**–ચાલતાં, ઊભતાં, બેસતાં, શયન કરતાં, ભોજન કરતાં ભાષણ કરતાં અને વિષમ સ્થાન ઉલ્લંઘતાં અવશ્ય પાળવી.

**( ૨૯ ) શ્રાવકને સાત ધોતીયા**–સામાયક, દેવપૂજા, ભોજન પ્રસંગે-હરતાં–ફરતાં, સૂતી વખતે, વડીનીતિ કરવા જતાં તથા દેવપૂજાદિક કરવા નિમિત્તે સ્નાન કરવા ઉપયોગમાં લેવા યથાસંભવ જુદા રખાય તે ઠીક.

**( ૩૦ ) પ્રવચનમાતા**–સંયમધારી સાધુ–સાધ્વીઓએ કાયમને માટે અને ગૃહસ્થ શ્રાવક–શ્રાવિકાઓએ સામાયક-પૌષધાદિક પ્રસંગે પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિનું અવશ્ય પાલન કરવાની જરૂર છે.

**( ૩૧ ) ખરા પંડિતના ગુણ**–ગર્વ ન કરે, કઠોર ( કર્કશ ) ભાષા ન બોલે, અન્યનાં અપ્રિય વચનને પણ સહન કરે, ક્રોધ ન કરે ( તપે નહીં ) પરની નિંદા–ટીકાથી દૂર રહે, પરના દોષ ન પ્રકાશે, સ્વશ્લાઘા પણ ન કરે. વગર સમયનું ( જરૂર વગરનું ) ન બોલે, પોતાની શકિત નકામી વેડફી ન નાખે, ગુણ અવગુણને યથાર્થ સમજે. અને અવગુણની ઉપેક્ષા કરી ગુણરાગી, ગુણગ્રાહીપણે હંસવત્ આચરણ કરે.

**( ૩૨ ) બુદ્ધિનાં આઠ ગુણ**–શાસ્ત્રશ્રવણ ઇચ્છા, શાસ્ત્રશ્રવણ, સારગ્રહણ, અવધારણ, ઊહાપોહ, ( તર્ક–વિતર્ક ) અર્થવિજ્ઞાન, તત્ત્વનિશ્ચય અને આત્મનિરીક્ષણ( Introspection )વડે સવિવેક ધારી શકાય.

**( ૩૩ ) અષ્ટવિધ આત્મા**–દ્રવ્યાત્મા, કષાયાત્મા, યોગાત્મા, જ્ઞાનાત્મા, ઉપયોગાત્મા, દર્શનાત્મા, ચારિત્રાત્મા અને વીર્યાત્મા.

**( ૩૪ ) ગુરૂ વિનય**–ગુરૂને દેખી ઊભા થવું, ગુરૂ આવતા હોય ત્યારે સન્મુખ જવું, ગુરૂને અંજલીબદ્ધ નમસ્કાર કરવા, ગુરૂને પોતે આસન આપવું, ગુરૂ બેઠા પછી બેસવું, ગુરૂદેવની સેવા-ભક્તિ–વિશ્રામણ કરવી વિ.

**( ૩૫ ) સાધુ એકલો અતડો કેમ રહે છે ?**- ક્રોધી-માની–માયાવી-લોભી, કુતૂહલી, ધૂર્ત, પાપમાં રક્ત ને ખરાબ આચારવાળો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(૩૬) **ખાસ સમજવા લાયક**-ક્રોધ સમાન વિખ નથી, માન સમાન વૈરી નથી, માયા સમાન ભય નથી, લોભ સમાન દુઃખ નથી, સંતોષ સમાન સુખ નથી, વ્રત-પચ્ચખાણુ સમાન હિત મિત્ર નથી, દયા સમાન અમૃત અને સત્ય સમાન શરણુ નથી.

(૩૭) **અવશ્ય ઉદ્યમ આદર કરવો**-જ્ઞાન ભણુવાનો, નવાં કર્મનો બંધ રોકવા, જૂના કર્મના તપવડે ખપાવવા, નિરાધાર સાધર્મિકાદિકનો ઉદ્ધાર કરવા ટેકો દેવા, નવિન શિષ્ય સાધુને ભણુાવવા, જ્ઞાન ભણીને તેનું રહસ્ય વિચારવા, નાત-જાતમાં થયેલ કલેશ મીટાવવા તથા વૃદ્ધ-બાળ-ગ્લાન તપસ્વી પ્રમુખની વૈયાવચ્ચ કરવા જરૂર ઉદ્યમ કરવો.

(૩૮) **મહાપાપી** આપઘાત કરનાર, વિશ્વાસઘાત કરનાર, સદ્‌ગુણુ લોપનાર, ગુરૂદ્રોહી, ખોટી સાક્ષી ભરનાર, ખોટી સહાય આપનાર, હિંસામાં ધર્મસ્થાપનાર, વારંવાર પચ્ચખાણુ ભાંગનારને મહા પાપી જાણુવા

(૩૯) **સુશિક્ષા**-અરિહંત પ્રમુખનો અતુલ ઉપકાર માની તેમની પૂજા-સ્તવના કરવી, સુગુરૂની આજ્ઞાનુસાર વર્તવું, દયા સત્ય-શીલ-સંતોષ-ક્ષમાદિક સદ્‌ગુણોનો સદાય આદર કરવો. તેમ જ કોઇને કદાપિ દગો ન દેવો.

(૪૦) **વિષય કષાયાદિ**-પ્રમાદ સમો કોઈ શત્રુ નથી અને સદ્‌ગુણુ સેવા-આદર સમો કોઈ હિત-બંધુ નથી.

(૪૧) **બ્રહ્મચારી**-મુમુક્ષુઓએ બ્રહ્મચર્યની નવ વાડો યા દશ સમાધિ-સ્થાનો સેવવા નિરંતર અધિક આદર કર્યા કરવો.

(૪૨) **નવ ચંદ્રુવા**-પાણીયારા ઉપર, ચુલા-ઘંટી-ખારણીયા ઉપર, વલોણુાની જગા ઉપર, ભોજનસ્થાને, શયનસ્થાને, સામાયક પૌષધાદિક ધર્મ-ક્રિયા કરવાના સ્થાનકે, તથા દેહરાસરે વળી એકાદ ફાલતું વધારાનો પણુ રાખી મૂકે છે.

(૪૩) **શ્રેણિક**-સુપાર્શ્વ, પોટિલ, ઉદાયી, શંખ, શતક, દઢાયુ, સુલસા અને રેવતી શ્રાવિકા એ નવ જણાએ શ્રી મહાવીર પ્રભુના શાસનમાં તીર્થંકર નામગોત્રકર્મ ઉપાર્જન કર્યું, જાણી આપણે પણુ ધર્મ-આરાધન કરવામાં બનતો પુરૂષાર્થ સેવવો. **ઇતિશમ્**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આત્માની શોધમાં

( ૨ )

( ગતાંક ૧૨ પૃષ્ઠ ૩૫ થી શરૂ )

**મહાનુભાવ,** કાયોત્સર્ગ મુદ્રામાં જે દ્રશ્ય નજરે આવે તે કેવળ જોયા કરવાનું છે. એ સંબંધી જે કંઇ વિચારવા–પૂછવાનું મન થાય એ માટે આપણે જુદો સમય રાખીશું. હાલ તો એટલું જ નિહાળીશું કે આત્માની મોટી મોટી વાતો કરનાર કે આત્મકલ્યાણના નામે ધર્મની ક્રિયામાં યંત્રવત્ કલાકોના કલાક વ્યતીત કરનાર વર્ગ પણ આત્માના સાચા સ્વરૂપથી કેટલે દૂર વર્તે છે? અરે! આત્માના નામે દેહની પંપાળનામાં રાચે છે! અથવા તો ચૈતન્યની મસ્તીનો અનુભવ મેળવવાને બદલે માત્ર પુદ્ગલની માયામાં સતત ફસેલો રહે છે! આ જ આશયથી હવે કાર્યનો આરંભ થાય છે.

'**अप्पाणं वोसिरामि**' થતાં જ, વિનયકાંતના જોવામાં જે ચિત્ર આવ્યું તે આ પ્રમાણે.

મુંબઇના એક પરામાં, પર્વના પવિત્ર દિવસે એક શ્રીમંત ગૃહસ્થ અન્ય સ્વામીભાઈઓ સહ પૌષધની ક્રિયા કરી રહ્યાં છે! સાધુમહારાજની દેશના સમાપ્ત થઇ ગઇ છે. એમાં આવેલ સાધર્મીવાત્સલ્યની મહત્તા સંબંધી ચર્ચા ચાલી રહી છે. શાસ્ત્રકારોએ દર્શાવેલ એમાં મહાન્ પુન્ય પ્રતિ મીંટ માંડતાં જ શ્રીમંત ગૃહસ્થને એકાએક ઊર્મિ થઈ આવી અને સહસા બોલી ઉઠયા કે–ભાઇ રતીલાલ, આજના પોષાતી ભાઇઓને મારા તરફથી જમવાના નોતરા આપી દ્યો, સ્વામીવચ્છલનો આ પ્રસંગ કેમ જવા દેવાય?

આટલી ટૂંકી પ્રસ્તાવના સાથે તો શેઠશ્રી તરફથી જમણમાં શું કરવું? કયારે કરવું? ઇત્યાદિ પ્રશ્નો રજૂ થયા.

'સાહેબ, પણ આજે તો આપણે પૌષધમાં છીએ. પૌષધ એટલે એક દિવસનું ચારિત્ર, યાને સાધુપણું. એમાં આપે ઉચ્ચારી તેવી વાતો ન કરી શકાય.' એક સમજુ બંધુએ જણાવ્યું: 'પણ આ તો ધરમની જ વાત છે ને? આમાં ઓછો જ અંગત સ્વાર્થ છે? વળી ફરીથી મળવાનો સમય પણ કયાંથી કહાડી શકાય?' શ્રીમંતે સ્વમંતવ્ય સાથે મુશ્કેલી રજૂ કરી ત્યાં તો 'બહુ-પડિપુણ્ણા પોરસી' ની હાકલ પડી ને વાત પર પડદો પડ્યો.

× × ×

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પણ આ તો તે જ શ્રીમંત ગૃહસ્થ ! પેઢીમાં ગાદીતકીએ બેસી હીરા-માણેકના, મોતીના અને સોનાના દાગીનાઓના આંક મુકાવી રહ્યા છે ! આંકનાર જેની કિંમત બજારભાવે મૂકાવે છે તેમાંથી પણ પચીશ ટકા ઓછી કરાવી પોતે મુનિમ પાસે નોંધ કરાવી રહ્યાં છે ! વારંવાર આંકનારને સૂચના આપી રહ્યાં છે કે જો, જો, એવી રીતે આંકણી કરજો કે જેથી બજાર ગમે તેટલો નરમ જાય તો પણ આંકેલી રકમ તો હાથમાં આવવી જ જોઇએ.

× × ×

' Private chamber ' યાને ખાનગી ઓરડીમાં ઉપર્યુક્ત શ્રીમાન્ સહ એક પ્રતિષ્ઠિત ને આબરૂદાર સજ્જન વાત કરતાં દૃષ્ટિગોચર થાય છે. સામે ટેબલ પર, ઘડીપૂર્વે જેની આંકણી કરાવી લેવામાં આવી છે તે હીરાના દાગીના પડ્યા છે ! વાતચીત પરથી જણાય આવે છે કે એ દાગીના પેલા સજ્જન ગૃહસ્થના છે અને ખાનગી રીતે એ ગીરો રાખી, એ પર અમુક રકમ ધીરવાની શ્રીમંત પ્રતિ તે માગણી કરી રહેલ છે.

શ્રીમંત-માન્યવર, તમારી બધી વાત હું સમજી ગયો છું. તમો મારા સ્વધર્મી બંધુ છો એટલું જ નહિં પણ તમોએ સારી સ્થિતિમાં હજારો ધર્મમાર્ગે ખરચેલા છે એ પણ મને માલુમ છે; છતાં વેપારની બાબતમાં એ બધી વાતોને વચ્ચે લાવવી નકામી છે. લેણદેણ અને ધર્મ એ જુદી વસ્તુ છે. ત્રીશ-ચાલીશ ટકાના મારજીન વગર હું ધીરધારમાં પડતો જ નથી અને ટકાનું વ્યાજ ન છુટે તો એવું જોખમ ખેડે પણ કોણ ? આ તો તમો મારા સાહમીભાઈ છો માટે જ પચીશ ટકા મારજીન અને બાર આના વ્યાજની વાત કરૂં છું !

આપ, આ શું વદો છો ? હું કંઇ આપના નાણાં ડૂબાવવા નથી માંગતો. વળી બદલામાં મારી જણસો સોંપું છું. આ તો ભાવફેરીના કારણે અણધાર્યો ધક્કો લાગ્યો છે તેથી ટૂંક મુદ્દત માટે માત્ર આપે ખાનગી કામ કરવાનું છે. બજારમાં મારી પણ સાખ છે. આપના નાણા દૂધે ધોયા પાછા આવી જશે. આ તો મેં આપની કીર્તિ-ધર્મ માટે પ્રાણ આપનાર તરિકેની ધર્મના કામ માટે આપ ગમે તેવા ભોગો આપી દો છો ને સ્વામીવાત્સલ્ય પ્રતિ આપની લગની છે એવી-સાંભળેલી તેથી જ મેં આપના દાદરા ચઢવાની હિંમત કરી છે ! સાચું સ્વામીવાત્સલ્ય એક સમાનધર્મીને સંકટમાંથી, શક્તિ હોય તો કોઇપણ જાતના બદલા વગર ઉગારી લેવામાં છે. આપ સદા સોમજીની કથા તો જાણતા જ હશો. જોકે મારે તો દાગીનાના પ્રમાણમાં નાણાં જોઇએ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે ને વ્યાજની શરત પણ મને કબૂલ છે. ફક્ત આપણા બે સિવાય ત્રીજાને આ વાતની જાણ સરખી ન થવી જોઇએ.

શ્રીમંત ગૃહસ્થ-મહાશય, તમારી લાંબી દલીલોથી મારો રવૈયો ફરનાર નથી. આ તો વ્યાપારી નીતિનો સવાલ છે. જોઇતા હોય તો પચીશ રૂપીઆ ખરચખાતે લખી આપી દઉં ! બાકી લેવડદેવડમાં ધર્મ કે સ્વામીબંધુત્વ વચ્ચે ન લાવો. જો એ બધુ જોવા બેસું તો મારે ત્રીજે દિને ઉલાળવું પડે.

આપ શા સારૂ એમ કહો છો ? માણસ માણસમાં કંઇ ફેર નથી ? આપ તો ગોળ અને ખોળને સરખા તોલો છો ? અને વેપાર કે લેણદેણ એ કોઇ એવી જુદી વસ્તુ નથી કે જ્યાં ધર્મની વાત વિચારી જ ન શકાય. સ્વધર્મી બંધુનો નાતો જો સાચો હૃદયે ઉતર્યો હોય તો એના બહુમાન સર્વત્ર થવા જોઇએ. એકાદ ટંકનું જમણ એ જ કંઇ સ્વામીવાત્સલ્ય નથી ! સંસારના વ્યવહારમાં પ્રત્યેક પળે ધર્મ એ તો મહત્ત્વનો ભાગ ભજવે છે. એના બળથી જ આત્મા પોતાનો વર્તાવ મર્યાદામાં રાખી શકે છે. જ્યાં એ ધર્મરૂપી-નીતિરૂપી-હોકાયંત્ર બગડયું કે નાવ ખરાબે લાગી જતાં વિલંબ નહીં થવાનો. બહારની આપની નામના પાછળ, ભીતર આવું હશે એ મેં કલ્પ્યું પણ ન હોતું. આપને જેમ ધન ને કીર્તિ વહાલાં છે તેમ મને પણ છે એક સરખા દહાડા કોઇના પણ જતાં નથી એ યાદ રાખવું જોઇએ. કમાણી કોને ન ગમે ? પણ એની કંઈ હદ તો હોય ને ? પચીશ ટકાનું માર્જીન અને બાર આનાનું વ્યાજ એ જ જ્યાં વધારે પડતુ ગણાય ત્યાં આપ જેવા ધર્માત્મા (!) ચાલીશ ટકાના મારજીન સાથે દોકડાની વાત કરો છો એ જાણીને આશ્ચર્ય થાય છે. એ તો પડતા પર પાટા જેવું જ ! સંકટમાં ઘેરાયેલ વ્યક્તિ, ગરજ વેળા એ પણ કબૂલ કરે છતાં મારે કહેવું જોઇએ કે આપ જેવા માટે એ શોભાભર્યું ન લેખાય ! ધાર્મિક રીતે કે નૈતિક દ્રષ્ટિયે એ ઉચિત ન જ ગણાય ! એ રીતે એકઠી કરેલી ઋદ્ધિ એક દિન અહીં જ મૂકીને જવાનું છે એ વીસરવાનું નથી. પૌદ્ગલિક વિલાસોમાં અતિ ગૃદ્ધિ એ બાહ્ય આત્માના લક્ષણ છે. શ્રીમદ્ આનંદઘનજીએ ગાયું છે કે—

આત્મ બુદ્ધે હો કાયાદિકે ગ્રહ્યો, બહિરાતમ અઘરૂપ;

ત્યાં તો દાદાના દરબારની ઘડિયાલના ટકોરા સંભળાયા, અને 'नमो अरिहंताणं' પૂર્વક કાયોત્સર્ગ છુટ્યો.

**ચોકસી.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પર્વ તિથિનીસ્પષ્ટતા

જૈન સમાજમાં બાર તિથિ પર્વ તરીકે મનાય છે. બીજ, પાંચમ, આઠમ, અગીઆરસ, ચૌદશ, પૂર્ણિમા ( અમાવાસ્યા ). પંચાંગોમાં દરેક તિથિની ક્ષય-વૃદ્ધિ થાય છે, જ્યારે પંચાંગોમાં પર્વતિથિની ક્ષય અથવા વૃદ્ધિ થયેલ હોય ત્યારે જૈન સમાજ તેને **क्षये पूर्वातिथिः कार्या वृद्धौ ग्राह्या तथोत्तरा,** એ નિયમ પ્રમાણે ઉપર બતાવેલ બારે તિથિઓની આરાધના કરે છે. એટલે આઠમનો ક્ષય હોય તો તેના પૂર્વની સાતમને આઠમ તરીકે માને છે, અને આઠમની વૃદ્ધિ હોય તો બીજી આઠમને આઠમ તરીકે માને છે અને પહેલી આઠમને સાતમરૂપે ગણે છે; કારણ કે જે બાર તિથિઓને આરાધવાની છે તેના આરાધનાના હેતુરૂપે ક્ષય અથવા વૃદ્ધિ માનતા નથી. અને તે જ પ્રમાણે ભીંતિયા જૈન પંચાંગમાં હોય છે. એટલે જે તિથિ જ્યારે આરાધન કરવાની હોય ત્યારે જ લખેલ હોય છે. પુસ્તકાકાર પંચાંગમાં ભલે આઠમનો ક્ષય અથવા વૃદ્ધિ હોય છતાં પણ ઉપરના નિયમ પ્રમાણે ભીંતિયા જૈન પંચાંગમાં સાતમનો ક્ષય અને સાતમ બે લખવામાં આવે છે. એ જ પરંપરા આજ સુધી ચાલી આવેલ છે, જેનાં ઉદાહરણો નીચે આપવામાં આવેલ છે.

વીરશાસન પત્ર પુસ્તક ૧૪, અંક ૨ જો. તા ૧૧ અકટોબર ૧૯૩૫. પાક્ષિક જૈન પંચાંગના કોઠામાં આસો વદ ૧૦ બે લખેલ છે જ્યારે પુસ્તકાકાર પંચાંગમાં આસો વદ ૧૧ બે છે.

વીરશાસન પત્ર પુસ્તક ૧૪, અંક ૨૧ મો. તા. ૨૧ ફેબ્રુઆરી ૧૯૩૬. પાક્ષિક જૈન પંચાંગના કોઠામાં ફાગણ શુદ ૮ શનિવાર લખેલ છે, જ્યારે પુસ્તકાકાર પંચાંગમાં ફાગણ શુદ ૮ નો ક્ષય છે અને ફાગણ શુદ સાતમે શનિવાર છે. વીરશાસન પત્ર પુસ્તક ૧૪, અંક ૨૨ મો. તા. ૨૮ ફેબ્રુઆરી ૧૯૩૬. પાક્ષિક જૈન પંચાંગના કોઠામાં ફાગણ શુદ ૧૩ બે ગુરુવાર, શુક્રવાર લખેલ છે અને પર્વમાં બીજી તેરસ શુક્રવારે શ્રી સિધ્ધાચલજીની છ ગાઉની પ્રદક્ષિણા એમ લખેલ છે; જ્યારે પુસ્તકાકાર પંચાંગમાં ફાગણ શુદ ૧૪ બે શુક્રવાર અને શનિવાર છે.

ઉપરમાં પાક્ષિક જૈન પંચાંગમાં આપણે જોયુ કે જે પહેલી ચૌદશ સંપૂર્ણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પાંચ સકાર

(અનુસંધાનગતાંક પૃષ્ટ ૨૪ થી શરૂ)

(અનુ. વિઠ્ઠલદાસ મૂ શાહ બી.એ.)

## (સન્માન દાન)

સંસારત્યાગી મહાપુરૂષો તથા વિષયોથી વિરક્ત ઊંચી શ્રેણીના ભક્તો અને સાધક મહાનુભાવો સિવાય સંસારમાં કોઇ પણ મનુષ્ય એવો નથી કે જેને અપમાનમાં દુઃખનો અને સન્માનમાં સુખનો અનુભવ નહિ થતો હોય. મનુષ્યોની તો વાત જ શું ? પશુપક્ષીઓ પણ સન્માનથી ખુશી અને અપમાનથી નારાજ થાય છે એમ જોવામાં આવે છે. દરેક માણસે કોઇપણ કારણવશાત્ બીજાનું અપમાન કરતી વખતે એટલો વિચાર કરવો જોઈએ કે મારૂં કોઈપણ માણસ જરા પણ અપમાન કરે છે તો મને કેટલું દુઃખ થાય છે. એવી રીતે એને પણ દુઃખ થતું હશે. એ રીતે વિચાર કરવામાં આવે તો ધીમેધીમે અપમાન કરવાની ટેવ ઓછી થઈ જશે. વિચારશીલ પુરૂષે તો ભૂલેચુકે પણ કોઇનું અપમાન નહિ કરવું જોઇએ. નાના મોટા સૌનું સન્માન કરીને યથાયોગ્ય વ્યવહાર કરવો એ જ યોગ્ય છે. મોટાઓનું સન્માન કરવું એ તો પરમ લાભ કરનારૂં છે. શાસ્ત્રોમાં ગુરૂ, માતાપિતા,

---

છે. તેને તેરસને શુક્રવારરૂપે લખેલ છે, અને તે જ દિવસે શ્રી સિધ્ધાચલજીની છ ગાઉની પ્રદક્ષિણા પણ લખેલ છે. પુસ્તકાકાર પંચાંગની દૃષ્ટિથી જોઇએ તો તે દિવસે સંપૂર્ણ ચૌદશ છે, છતાં પણ તે દિવસ જૈનોએ ફાગણ શુદ ૧૩ માની શ્રી સિધ્ધાચલજીની છ ગાઉની પ્રદક્ષિણા કરી છે.

આ ઉપરના ઉદાહરણોથી દરેક જૈન સ્પષ્ટ સમજી શકશે કે જૈનોની પરંપરા કેવી રીતે ચાલી આવે છે અને તે પરંપરાને આજ સુધી આપણે, આપણા વડીલો અને તેમના પણ વડીલો માનતા આવ્યા છે અને તે પ્રમાણે અનુસરતા આવ્યા છે.

હવે મારા લેખો સંબંધી જેમણે પોતાની કલમ ચલાવી છે તેમને એટલું જ કહીશ કે તેઓએ તા ૩૧ જુલાઈ ૧૯૩૬ મુંબઇ સમાચારનો મારો લેખ નહિ વાંચ્યો હોય; નહીં તો એમને તસ્દી લેવાનો પ્રસંગ રહેત નહિ.

વડોદરા તા. ૨૫-૧૦-૯૩૬ લિઃ મુનિ વિકાસવિજયજી.

ઠે ઘડીઆળી પોળ, જાની શેરી ઉપાશ્રય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મોટાભાઇ, આચાર્ય, બ્રાહ્મણ, જ્ઞાનવૃદ્ધ, વયોવૃદ્ધ વગેરેનું શ્રદ્ધાપૂર્વક સન્માન કરવાની આજ્ઞા સ્થળે સ્થળે કરવામાં આવી છે.

'આચાર્ય, પિતા, માતા તથા મોટા ભાઇ તેમનું અપમાન તેનાથી દુઃખી થવા છતાં પણ ન કરવું. બાળકોને જન્મ આપીને તેઓના પાલન-પોષણમાં માતાપિતાને જે કષ્ટ પડે છે તેનો બદલો સેંકડો વર્ષ સુધી સેવા કરવા છતાં પણ નથી વાળી શકાતો. એટલા માટે હંમેશાં માતાપિતા તથા આચાર્યને પ્રિય કાર્ય કરવું. એ ત્રણે સંતુષ્ટ થવાથી સઘળા તપ પૂરા થઇ જાય છે, કેમકે એ ત્રણની સેવા કરવી એ જ પરમ તપ ગણાય છે.'

એ રીતે સર્વ ગુરૂજનો પ્રત્યે સન્માન કરવું જોઇએ. માતા, પિતા, ગુરૂ, આચાર્ય, વૃદ્ધ, મોટા ભાઇ, સાસુ, સસરા, મામા, મામી, કાકા, કાકી વગેરેને હંમેશાં સન્માનપૂર્વક પ્રણામ કરવા જોઇએ.

મનુમહારાજ કહે છે કે—

अभिवादनशीलस्य नित्यं वृद्धोपसेविनः ।
चत्वारि तस्य वर्धन्ते आयुर्विद्या यशो बलम् ॥

'જે મનુષ્ય હમેશાં વૃદ્ધોને પ્રણામ કરે છે અને તેમની સેવા કરે છે તેના આયુષ્ય, વિદ્યા, યશ તથા બળ વધે છે.'

પરંતુ ખેદનો વિષય છે કે આજકાલ મનુષ્યનું અભિમાન એટલું બધું વધી ગયું છે કે તે સ્વભાવથી જ હમેશાં પૂજનીય સાક્ષાત ભગવત્ સ્વરૂપ માતા, પિતા, ગુરૂ વગેરેનું અપમાન કરવામાં જ પોતાનું મહત્વ સમજે છે. વધારે શું ? આજકાલ ઈશ્વરનું પણ અપમાન કરવા સુધી તત્પરતા દેખાય છે, પરંતુ એ દુરાચાર છે, એનું પરિણામ સારૂં ન જ આવે. એટલા માટે એ પતનના પ્રવાહમાં ન ખેંચાતાં શ્રદ્ધાપૂર્વક વૃદ્ધોનું સન્માન કરવું જોઇએ.

અહિંયા એટલું યાદ રાખવું કે સન્માન કરવામાં ક્યાંય દંભ નહિ હોવો જોઇએ. સાચું સન્માન સરલ હૃદયથી જ થાય છે. સ્વાર્થી અથવા કુટિલ હૃદયનું બાહ્ય સન્માન તો વસ્તુતઃ સન્માન જ નથી ગણાતું, એતો દેખાવની સભ્યતા છે અથવા કુચક્રપૂર્ણ કુટિલ નીતિ છે. એવા '**विषकुम्भं पयोमुखम्**' સન્માનથી તો હમેશાં સાવધાન જ રહેવું જોઇએ શ્રી કૃષ્ણ જ્યારે દૂતલીલા કરવા માટે કૌરવોના દરબારમાં ગયા હતા ત્યારે ઉપરથી એમનું સ્વાગત-સન્માન કરવામાં જરા પણ કચાશ નહોતી રાખવામાં આવી; પરંતુ દુર્યોધન વગેરેના હૃદયમાં કુટિલતા ભરી હતી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્રી કૃષ્ણ તો એ વસ્તુ સમજી ગયા હતા અને એટલા માટે-તેઓ કૌરવોના રાજમહેલના રાજસી નિમંત્રણનો નિરાદર કરીને માન–સન્માનની જરા પણ પરવા કર્યા વગર પ્રેમી ભક્ત વિદુરને ઘરે બોલાવ્યા વગર ચાલ્યા ગયા અને શાકભાજી જે કાંઇ મળ્યું તેનો પ્રેમપૂર્વક ભોગ કરીને તૃપ્ત થયા હતા. ' દુર્યોધનના મેવા ત્યાગી, શાક વિદુર ઘર ખાધું ' એ સુપ્રસિદ્ધ છે.

અહંકારી મનુષ્ય કોઇનું પણ સન્માન કરવા નથી ઇચ્છતો, તે તો સૌની સાથે લુખો વ્યવહાર કરવામાં જ પોતાનું ગૌરવ સમજે છે. જ્યાં કોઇને દબાવાનું કારણ નથી હોતું ત્યાં તો અહંકારી મનુષ્યને આપોઆપ ફળ મળી જાય છે. જ્યાં કોઈ કારણવશાત્ લોકો દબાતા રહે છે ત્યાં લુખાપણું વધતું જાય છે ને યોગ્ય અવસર મળતા સુધી રાખથી ઢાંકેલા અગ્નિની માફક સળગતું રહે છે અને અનુકૂળ તક મળતાં જ પ્રતિહિંસાની પ્રચંડ જ્વાલાના રૂપમાં પ્રકટ થઇને તેને ભસ્મ કરી દે છે અને એ વૈરનો અગ્નિ જન્મજન્માન્તર સુધી દુઃખ આપ્યા કરે છે. એથી ઊલટું સન્માન દાનની શીતલ અમૃતધારા વિરોધાગ્નિને શાંત કરીને હૃદયમાં અમૃત સીંચે છે.

એટલા માટે કોઈનું પણ ભૂલેચૂકે અપમાન ન કરતાં સૌનું યથાયોગ્ય સન્માન કરવું જોઇએ. આપણને ખબર નથી હોતી કે કયા વેશમાં કોણ આવે છે. જ્યારે એના વેશનું રહસ્ય ખુલે છે ત્યારે એ કોણ છે તે માલુમ પડે છે. વિરાટ નગરમાં પાંચે પાંડવા તથા રાણી દ્રૌપદીએ વેશ બદલીને એક વર્ષ નોકરી કરી હતી ત્યાં નીચમતિ કીચકની દ્વારા દ્રૌપદીનું અપમાન થયું હતું. જેના ફળરૂપે કીચક પોતાના બંધુઓ સહિત માર્યો ગયો અને છેવટે એક દિવસ વિરાટ રાજાએ ધર્મરાજાનું અપમાન કર્યું. કેટલાક સમય વીત્યા બાદ જ્યારે ભેદ ખુલ્લો થયો અને માલૂમ પડયું કે એ પાંચ પાંડવો છે અને સૈરન્ધ્રી નામ ધારણ કરીને સેવા કરનારી દાસી એ મહારાણી દ્રૌપદી છે ત્યારે વિરાટના પશ્ચાત્તાપનો પાર ન રહ્યો અને વિરાટ રાજા પોતાની પુત્રીને અર્જુનના પુત્ર અભિમન્યુની સાથે પરણાવીને પણ તે પશ્ચાત્તાપથી છુટી ન શકયો. એ રીતે આજે આપણે કોઈનું અપમાન કરીએ, આપણને ખબર નથી હોતી કે એ આપણા કેટલાં સન્માનને પાત્ર છે અને વસ્તુતઃ સત્ય પણ એ જ છે. એટલા માટે સૌ કોઇને પરમાત્મસ્વરૂપ સમજીને મન, વાણી તેમ જ શરીરથી સૌનું સન્માન કરવું જોઇએ. અને સૌની સેવાની ઇચ્છા રાખવી. વાણીવડે મધુર તથા આદરપૂર્ણ બોલવું અને શરીરવડે વિનય તથા નમ્રતાપૂર્વક વર્તન કરવું જોઈએ. (ચાલુ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# વર્તમાન સમાચાર

**શ્રી હીરવિજયસૂરીશ્વરજી મહારાજની જયંતિ:**—તા. ૨૭–૧૦–૩૬ ના રોજ સરસુબા મુકરજી સાહેબના પ્રમુખપણા નીચે વડોદરામાં ન્યાયમંદિરના મકાનમાં ઉજવાઇ હતી, જેમાં નગરશેઠ, નાયબ દિવાન મણીભાઇ સાહેબ, પ્રો. માણેકરાવ, મંત્રી સચિવ, ડૉ. હીરાનંદ શાસ્ત્રી, સાક્ષર રમણલાલ દેશાઇ, સુધાલકર સાહેબ, મે. મુનફર સાહેબ પુરૂષોત્તમ દેશાઇ વગેરે ગ્રહસ્થો તથા જૈન મુનિમહારાજાઓ, આચાર્યશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી, મુનિરાજશ્રી ચરણવિજયજી વગેરે બિરાજમાન હતા. મે. મુકરજી સાહેબે પ્રમુખસ્થાન લીધા બાદ પ્રથમ નગરશેઠે વિવેચન કર્યું હતું અને પ્રમુખસ્થાન લેવાયા બાદ–આચાર્ય મહારાજશ્રીએ વક્તવ્ય શરૂ કર્યું હતું.

## શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી.

પછી પ્રાસંગિક વિવેચનો થયા બાદ આચાર્ય શ્રીમદ્ વિજયવલ્લભસૂરીશ્વરજીએ જણાવ્યું કે આજ એક અપૂર્વ મહાત્માની જયંતી ઉજવાય છે. આજ જાહેરમાં આવી રીતે એમની જયંતી ઉજવાય છે, એનું કારણ શું ? જે મહાત્માની આજ જયંતી ઉજવાય છે, તે મહાત્મા એક ઐતિહાસિક પુરૂષ હતા. મહારાજશ્રી હીરવિજયસૂરીશ્વરજી જગતના મહાન ઉપકારક હતા. એઓ પોતે જૈન મુનિ છતાં જગતભર ઉપર એમણે ઉપકાર કર્યો છે. એ મહાપુરૂષના નામથી શાંતિ ફેલાઇ છે. પ્રાણી માત્ર ઉપર એમણે એટલા બધા ઉપકાર કર્યા કે ઇતિહાસમાં નોંધ લેવાઇ છે. મહારાજશ્રીએ ધર્મની મર્યાદાથી દૂર થયેલાને ઉપર ચઢાવ્યા છે અને જે જીવહિંસા થતી હતી તે અકબર બાદશાહના દરબારમાં જઇ બંધ કરાવી છે વિ. ધર્મની મર્યાદા કહી મહારાજશ્રીનો પાલણપુરમાં જન્મ, પાંચ વર્ષની વયમાં માતાપિતાનો વિયોગ, બેનને ત્યાં નિવાસ, ૧૩ વર્ષની વયે લીધેલી દીક્ષા, એઓશ્રીનો ધર્મપ્રચાર, પ્રવાસ અકબર બાદશાહનું નિમંત્રણ, દીલ્લી દરબારમાં મળેલુ અપૂર્વ માન અને ત્યાં પણ પાડેલો પ્રભાવ, બાદશાહને આપેલો ઉપદેશ, છ મહિના સુધી કરાવેલો જીવદયાનો પ્રબંધ, કાઠિયાવાડમાં ઉના ગામે ભાદરવા શુદ અગીઆરશને રોજ થયેલું સ્વર્ગારોહણ વગેરે સાલ તીથી વાર ઐતિહાસિક માહિતી આપી શ્રી ગુરૂવર્યને અંજલી આપી હતી,

મહારાજશ્રીના આ વ્યાખ્યાન દરમ્યાન ઓચીંતા વાદળ ઘેરાઈ આવી વરસાદનું સારૂં ઝાપટું પડયાથી શાંતિ અને આનંદ ફેલાયાં હતાં.

## ડૉ. હીરાનંદ શાસ્ત્રી

પછી આરકયોલોજી ડીરેકટર ડૉ. હીરાનંદ શાસ્ત્રીએ અંગ્રેજીને બદલે હિંદીમાં બોલવા પોતાને પ્રેરણા-સૂચના થઇ છે એવો ઉપોદ્ઘાત કરી જણાવ્યું કે શ્રી હીરવિજયજી એક મહાન મહાત્મા છે. કેવળ ગુજરાતના નહીં પણ સારા હિંદુસ્થાનના છે. આખા હિંદુસ્થાન માટે એમણે બહુ સારૂ કામ કર્યું છે. કૃષ્ણ ભગવાને ગીતામાં કહ્યું છે તેમ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધર્મની ગ્લાની વખતે સંસારમાં એક મહાપુરૂષ અવશ્ય અવતરે છે. ગુજરાતમાં એવા બહુ જ મહાત્મા જન્મ લઇ ચુકયા છે. શ્રી હીરવિજયજી પણ એવા એક મહાત્મા હતા, જે સમયમાં એ મહાત્માનો પ્રાદુર્ભાવ થયો તે વેળા લોક બહુ જ દુઃખી હતા. જ્યારે મહાત્મા હીરવિજયજીની પ્રંશસા અકબર સુધી પહોંચી ત્યારે અકબરે પોતાના ગુજરાતના વાઇસરોયને હુકમ કર્યો કે આચાર્યશ્રીને દીલ્લી મોકલો. એ આમંત્રણ મુજબ મહાત્મા શ્રી ગુજરાતમાંથી પ્રવાસ કરતા કરતા, રસ્તે ઉપદેશ આપતા આપતા દીલ્લી પહોંચ્યા જૈન ધર્મમાં સ્વારી કરવાનો નિષેધ છે એનું કારણ એ કે સ્વારી કરવામાં તે જીવને ભાર લાગતાં હિંસા થાય ને વળી પગેપાળા પ્રવાસ કરતાં રસ્તે આવતાં ગામ અને લોકોને પણ ધર્મનો ઉપદેશ આપી શકાય. તે તક સ્વારી કરવાથી ઝડપભેર ચાલ્યા જવાથી રહી જાય. મહારાજ શ્રીએ રીતે ધર્મલાભ આપતા દીલ્લી પહોંચ્યા અને ત્યાં અકબર સાથે થયેલા૧ વાદવિવાદ–પ્રેમાલાપથી જે મોટો લાભ થયો તે આપણે જાણીએ છીએ. શહેનશાહ અકબરમાં ધાર્મિકસહિષ્ણુતા મજબૂત હતી. અકબર ઇસાઇ ધર્મગુરૂઓ અને હિન્દુ આચાર્યોને પણ પોતાના દરબારમાં નોતરતા, પણ દીલ્લીમાં મહારાજશ્રી હીરવિજયજીએ ભારે પ્રભાવ પાડયો હતો અને એ પ્રભાવથી એમણે જીવહત્યા આખા રાજ્યમાં બંધ કરાવી હતી. મહાત્માજી કંઇ સાધારણ વ્યકિત નથી એ ઉપરથી જણાશે. મહારાજશ્રીએ એ ઉપરાંત એક બીજી વાત પણ કરી છે. એમણે જજીઆ વેરો પણ દૂર કરાવ્યો હતો. એટલું જ નહીં પણ એમણે કેદીઓ પણ છોડાવી મેલ્યા હતા અકબર બાદશાહ સુર્યની ઉપાસના કરતા તથા સંસ્કૃતનો અભ્યાસ કરતા પણ થઇ ગયા હતા વિદ્વાન વકતાએ વીન્સેંટ સ્મીથ નામના જાણીતા લેખકને પુસ્તકમાંથી આધારો આપી પોતાનું પ્રવચન પૂરૂં કર્યું.

## શ્રી રમણલાલ દેસાઈ.

પછી જાણીતા સાક્ષર શ્રી રમણલાલ દેસાઇએ ભાષણ કરતાં જણાવ્યું કે આજના પ્રસંગે બે ત્રણ વિશિષ્ટ વાતો રજૂ કરીશ. જૈન ધર્મ એ હિંદુધર્મ–આર્ય ધર્મનું શુદ્ધીકરણ હોય કે ન હોય, સ્વતંત્ર ધર્મ હોય કે ન હોય તેની ચર્ચા અત્રે નહીં કરીએ. જગતમાં જે ૬ મહાન જીવતા ધર્મ ગણાય છે તેમાંનાં ત્રણ હિંદુ, બૌદ્ધ અને જૈનની ઉત્પત્તિ હિંદમાં થઇ છે અને તેથી એ સહોદર છે. આપણો હિંદ ઉદાર દેશ છે. મુસ્લીમ, ઝોરાસ્ટ્રર, ખ્રીસ્તી–સર્વને એણે આવકાર આપ્યો છે. હિંદના આ ત્રણે ધર્મમાં સહિષ્ણુતાનું તત્વ ખાસ તરી આવે છે. એમ કહેવાય છે કે આ ત્રણે ધર્મ અગર ખાસ કરી જૈન ધર્મે એક પ્રકારની નામર્દાઇ ફેલાવી છે. જૈન ધર્મથી હિંદુઓ-હિંદીઓમાંથી શુરાતન–વીરત્વ અદ્રશ્ય થયુ એમ કહેવું એ મોટી ભૂલ થાય છે. જૈન ધર્મે સાહિત્ય, કલા અને રાજકારણની મોટી સેવા દેશની કરી છે. આપણા ગુજરાતનો ઇતિહાસમાં જોઇશું તો ચાવડા–સોલંકી-વાઘેલાના ઇતિહાસમાં જૈનોએ મોટો અગત્યનો ભાગ ભજવેલો છે. આ ત્રણે રાજકુટુંબોએ ગુજરાતની અસ્મિતા બતાડી છે અને ઉચ્ચ પ્રકારનો ઇતિહાસ ઘડયો છે. જૈનોએ તલવાર–વિદ્વતા અને કલા એક સરખી વાપરી છે. આબુપરનાં વસ્તુપાલ તેજપાલનાં સુંદર મંદિરો એનું ઉદાહરણ છે. જૈન ધર્મની પ્રતિભા–પ્રતિષ્ટા ખાસ કરીને અહિંસા તત્વને લીધે છે. જૈન ધર્મનો મોટામાં મોટો સિદ્ધાંત અહિંસાનો છે. મહારાજશ્રી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હીરવિજયજીને અકબર બાદશાહએ આમંત્રણ આપ્યું અને દીલ્લી દરબારમાં પધાર્યા તો જે દીવાનખાનામાં એમને બોલાવ્યા ત્યાં પાથરણુ પાથરેલું તેના ઉપર પગ નહીં મુકું એમ એઓએ કહ્યું. કારણ ? ડર લાગે છે કે એ પાથરણુ તળે કીડીઓ-જીવજંતુ ભરાઇ ગયાં હશે અને તેથી પાથરણા પર પગ મૂકતાં જાણ્યે-અજાણ્યે હિંસા થઇ જાય. ખરેખર ! પાથરણું ઉપાડયું ત્યારે તળે કીડીઓની હારની હાર જણાઇ. આ પ્રસંગ મને તો બહુ જ મહત્વનો લાગે છે શ્રી હીરવિજયજીનું દીલ્હીનું જૈન પ્રતીનીધીત્વ બહુ સુચક છે જૈન ધર્મનો અહિંસાનો સિદ્ધાંત આખી સજીવ સૃષ્ટિને એક સાંકળથી યોજે છે. આ મહત્વનો સિદ્ધાંત સ્વીકારાય તો આપણા અનેક પ્રકારના ઝઘડા દુઃખો-આપત્તિઓ દૂર થશે. હું તો કહું છુ કે અહિંસા એ મોટામાં મોટું વીરત્વ છે. જ્યાં સુધી એનું પાલન નહીં થાય ત્યાં સુધી આપણે કોઇપણ મહત્વના પ્રશ્નનું નીરાકરણ કરી શકીશું નહી જૈન ધર્મનો આ અહિંસાનો સંદેશો હાલ પશ્ચિમના દેશોને વધારે જરૂરી છે. શ્રી હીરવીજયજી મહાન ગુજરાતી હતા. જે થોડા ગુજરાતીઓ મહાન છે તેમાંના આ એક છે. અકબરશાહના દરબારમાં વિદ્વત્ પરિષદમાં જે ગુજરાતી જઇ શકયા તે માત્ર બે હતા. અને તે એક પારસી હતા બીજા જૈન હતા. એ બન્ને ગુજરાતી એ આપણું સદ્‌ભાગ્ય છે-ગોરવ છે વગેરે કહી અંજલી આપી હતી.

## રાજરત્ન સુધાકર સાહેબ.

રાજરત્ન સુધાલકર સાહેબે જણાવ્યું કે હાલ જૈન ધર્મનો ઇતીહાસ નથી, જૈન ધર્મ-જૈન સંસ્થા અમુક વ્યકિત છે એમ પણ નથી. બૌદ્ધ ધર્મ એ કંઇ એક આચાર્યનો વીશે એ પક્ષ છે, પણ જૈન ધર્મ માટે નથી. જઇન ધર્મ તો ઘણો જુનો-પ્રાચીન છે. ઇતિહાસ હિંદુ, બૌદ્ધ, જૈન-એ ત્રણે ધર્મની સમાજ ઉપર ઘણી અસર થઇ છે. પુનર્જન્મમાં માન્યતા, આત્મા અને કર્મ-એ ત્રણે ધર્મમાં સમાન છે. જૈન ધર્મમાં કેટલાંક વિશિષ્ટ લક્ષણો પણ છે. એક તો એની વિદ્વત્તા-એકલા પોતાનાં જ દર્શનોની નહીં પણ બીજા ધર્મોની સુધ્ધા. બીજું, એનો ગ્રંથસંગ્રહ, બ્રાહ્મણોએ વેદપાઠ મોઢે રાખ્યો અને તેનું રક્ષણ-કર્યું તેમ જૈનોમાં લહીઆનો-લખનારાઓનો એક ખાસ વર્ગ છે. એમણે લખીને એને સંગ્રહીને જૈન શાસ્ત્રનું રક્ષણ કર્યું છે. ત્રીજું જૈનાચાર્યો નીતિથી પવિત્ર હતા. એ જૈન ધર્મનું કડક શાસન બતાડે છે. ચોથું એમનો પરોપકાર, મદદ કરવાની વૃત્તિ. પાંચમું એનો અહિંસાનો પ્રચાર. સમાજીક ઇતિહાસમાં પણ જૈનાચાર્યોએ મોટો ફાળો આપ્યો છે. એની સામાજિક અસર ભૂલી શકાય એમ નથી. વકતાએ શ્રી હીરવિજયજી મહારાજનો જન્મ જ્યારે ખરેખર જરૂર હતી એવા પ્રસંગે થયેલો જણાવી, એઓએ અહિંસા માટે કરેલાં ઉપદેશ, પાડેલા પ્રભાવનો ઉલ્લેખ કરી, ગીતાવાકય પ્રમાણે શ્રી હીરવિજયજીમાં પણ પ્રભુનો અંશ હોવાનું જણાવી અર્ધ્ય આપ્યો હતો.

## મુનિ મહારાજ શ્રી ચરણવિજયજી.

પછી મુનિ મહારાજ શ્રી ચરણવિજયજીએ જુસ્સાદાર ભાષણ કરી મે સરસુબા મુકરજી સાહેબ જેવાના પ્રમુખપદે આ ઉત્સવ થાય એ જૈન ધર્મનો મહિમા વર્ણવે છે એમ કહી, ઉદારતા-સલ્કાર-સૌજન્ય માટે આનંદ બતાડી, જણાવ્યું કે મહારાજશ્રીએ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પાષાણ હૃદય ઉપર પણ પ્રભાવ નાખ્યો છે અને સમ્રાટને અહિંસામય બનાવ્યા છે, એ એમના ચારિત્ર્યનો પ્રભાવ છે વગેરે કહી મહારાજશ્રીની બાદશાહ સાથેની મુલાકાત ત્યાં પાડેલો પ્રભાવ વગેરેનું વિગતવાર છટાદાર વિવેચન કરી મહારાજશ્રીએ પર્યુષણના માત્ર આઠ દિવસ હિંસા બંધ રાખવા માગણી કરેલી, પણ બાદશાહે ચાર દિવસ ઉમેરી ૧૨ દિવસ કેવી રીતે કરી આપ્યા તેનું વર્ણન કરી જણાવ્યું કે બાદશાહ અકબર પોતાની વીદ્વાન પરિષદમાં મહારાજશ્રીને જગતગુરૂ હિરવિજયસૂરિ એવો ટાઇટલ આપે છે, તે આપને અકબરી વગેરેના આધારથી જણાવી અકબરશાહને મુસલમાન નહીં પણ હિંદુ-જૈન તરીકે ઓળખાવ્યા હતા તથા મ૦ ગાંધીજી, પં. જવાહરલાલ વગેરેની અહિંસા નીતિની તથા શ્રી. મહારાજા સાહેબના એકધર્મ-વિશ્વધર્મના પ્રયાસોની પણ પ્રશંસા કરી, કીર્તિ-મંદિરોમાં કરેલાં વ્યાખ્યાનનો ખાસ ઉલ્લેખ કરી એમાંનાં સુત્રોનું પાલન થવા અને આવી જયંતીઓ ઉપાશ્રયનાં મકાનમાં નહીં પણ આવી રીતે મોટા પાયા ઉપર પબ્લીકમાં હવે પછી ઉજવવા અને જગતના ચોકમાં અહિંસાની અગત્ય અને મહત્વતાનો પ્રચાર કરવાની જરૂર ભારપુર્વક સમજાવી હતી.

## મે. મુકરજી સાહેબનું ભાષણ.


પછી મે. મુકરજી સાહેબે ઉપસંહારનું ભાષણ પોતાની હમેશની છટાદાર અંગ્રેજી ભાષામાં કરતાં એવી મતલબનું જણાવ્યું કે મારે અંગ્રેજી ભાષામાં બોલવું પડે છે, કારણ કે મારૂં ગુજરાતીનું જ્ઞાન એટલું થોડું છે કે હું એ ભાષાનું ખુન કરી બેસું અને મારા હાથે હિંસા થઇ જાય. આજના ઉત્સવનું પ્રમુખપદ લેવા મહારાજશ્રી ચરણવિજયજીએ મને કરેલા પ્રેમાળ આમંત્રણ માટે આભાર માનું છું. આ ઉત્સવમાં ભાગ લેતાં જાણે હું એક જુનું દેવું ચુકવું છું એમ મને લાગે છે. હું પુર્વ હિંદનો વતની છું, જ્યાં તમારા મહાન તીર્થંકર જન્મ્યા હતા વગેરે કહી બંગાળા કરતા પશ્ચિમ હિંદમાં જૈન ધર્મના સારા પાલન માટે પ્રશંસા કરી, મહારાજશ્રી હીરવિજયજીની યશસ્વી અને ઉપકારક આખી કારકીર્દિનું સાલ અને તારીખવાર સિંહાવલોકન કરી બતાડી, મહારાજજીનાં વીતકો અને પ્રવાસો અને પ્રચારકાર્યનું દાંડીકુચ જેવી દીલ્લીકુચનું સવિસ્તર સુંદર બ્યાન કરી જૈન ધર્મની વિદ્વતા-તપસ્યા-સમર્પણ વગેરેનાં ઊંચા શબ્દોમાં વખાણ કરી એના તીર્થંકરોની હિંદુ ધર્મના મહાત્માઓ સાથેની સમકાલીનતા સમજાવી, સરખાવી આ જૈન ધર્મ કેટલો સુંદર અને જુનો છે તેનો ખ્યાલ આપી, આ મહાન સુંદર ધર્મના ઉચ્ચ સિદ્ધાંતો અને સુંદર તત્વજ્ઞાનનો જગતને વધુ લાભ મળો એવી શુભેચ્છા દર્શાવી હતી. છેવટ, આભાર મનાઇ જયંતી ઉત્સવ પૂરો થયો હતો.

**વડોદરા શહેરમાં ઉપધાન વહન**--ત્યાંના શ્રી સંઘની વિનંતિથી આચાર્યશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજના નેતૃત્વ નીચે ઉપધાન તપ આરાધવાનું નક્કી થયું છે. પ્રવેશ મુહૂર્ત્ત આસો શુદ ૧૦. માળારોપણ કારતક વદિ ૬.

**આચાર્ય શ્રીમદ્ વિજયકમળસૂરીશ્વરજી મહારાજની જયંતિ**—આસો શુદી ૧૦ ને રવિવાર ના રોજ આચાર્ય મહારાજ શ્રી. વિજય કમળ સૂરીશ્વરજી મહારાજ શ્રીની સ્વર્ગવાસ તીથી હોવાથી ગુરૂભક્તિ નિમિત્તે શ્રી જૈન આત્માનંદ સભાતરફથી દરવર્ષ મુજબ જયંતી ઉજવવામાં આવી હતી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




**શ્રી મહાવીરસ્વામીનો સંયમધર્મ**:—( શ્રી સૂત્રકૃતાંગ આગમનો છાયાનુવાદ ) સંપાદક ગોપાળદાસ જીવાભાઈ. શ્રી પુંજાભાઈ જૈન ગ્રંથમાળાનો દશમો નંબર આ ગ્રંથનો છે. અનુવાદક જૈનેતર હોવા છતાં વિદ્વાન હોવાથી અનુવાદ અને ટીપ્પણ માટે પં. બેહેચરદાસના આ આગમના લેખો વગેરેની મદદ લીધી છે, તેમજ પંડિતજી સુખલાલજીભાઈની સહાય પણ અનુવાદ કરતાં મુશ્કેલી પડી ત્યાં લીધી છે જેથી આ અનુવાદ સરલ બન્યો છે. છેવટે તેમાંથી કેટલાક સુભાષિત શ્લોકો ભાવાર્થ સહિત મૂળની ભાષા અને શૈલી માટે વાંચકોને ખ્યાલ થવા આપ્યા છે. જેથી વસ્તુસંકલના યોગ્ય થઈ છે. પ્રોફેસર આનંદશંકર બાપુભાઈનો વિદ્વત્તાભર્યો ઉપોદ્ઘાત પણ ખાસ વાંચવા જેવો છે. પ્રાપ્તિસ્થાન નવજીવન કાર્યાલય—અમદાવાદ. કિંમત એક રૂપીયો.

**શ્રી હેમચંદ્રાચાર્ય**:—લેખક પંડિત બેચરદાસ જીવરાજ દોશી. સયાજી બાળ જ્ઞાનમાળાના ૧૩૮ મા પુષ્પ તરીકે પ્રકટ થયેલ છે. નામદાર ગાયકવાડ સરકાર તરફથી મુકાયેલ રકમના વ્યાજમાંથી બાળકોપયોગી અનેકગ્રંથો પ્રકટ થયા છે. બાળકો તેને સારી રીતે વાંચી–સમજી શકે અને હાલના વાતાવરણ અને યુગને બંધબેસતી શૈલી અને ભાષામાં પં. બેચરદાસે આ ગ્રંથની રચના કરી છે. અન્ય જૈન ગ્રંથો પ્રભાવક ચરિત્ર વગેરેનો આધાર પણ સાથે લેવામાં આવ્યો છે. નાના નાના ૩૭ પ્રકરણો, આચાર્ય મહારાજે સ્પર્શેલા સ્થળનો નકશો અને આધારગ્રંથોની નોંધ પણ છેવટે આપી છે. સોલ એજન્ટ ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય (ગાંધીરોડ)–અમદાવાદ. કિંમત આઠ આના ત્યાંથી મળી શકશે.

**શ્રી કાન્ત**:—તરુણ ગ્રંથમાળાના બીજા વર્ષના પ્રથમ પુસ્તક તરીકે પ્રકટ થયેલ છે. બંગાળના સાક્ષરશિરોમણિ શરદબાબુની આ ઉચ્ચ કક્ષાની કૃતિ ગણાય છે જેનો આ અનુવાદ છે, જે ખાસ વાંચવા જેવો છે. શરદબાબુના જીવનના અનુભવો અને ચિન્તનોથી આ ગ્રંથ ભરપૂર છે. આવું ઉચ્ચ સાહિત્ય પ્રકટ કરવા માટે તેના પ્રકાશક ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, શંભુલાલ જગશી શાહ, ગાંધીરોડ–અમદાવાદને ધન્યવાદ આપીએ છીએ. તેમના પ્રકાશનો વાંચવા જેવા અને ઉત્તેજનને પાત્ર છે. બાઈંડીંગ કાગળ, ટાઈપ વગેરે સુંદર છે– ( અનુવાદક રમણલાલ સોની ) ગ્રંથમાળાનું વાર્ષિક લવાજમ ત્રણ રૂપીયા છે. પ્રકાશકને લખી મંગાવવું.

**ભાગ્યોદયની ભૂમિકા**:—પ્રથમ ખંડ. કર્તા વેદાન્તકવિ હીરાલાલ જાદવરાય બુચ. કિંમત રૂા. ૧–૦–૦ પદ્યમાં આની રચના સુંદર અને સરલ છે.

**મુનિશ્રી મીશ્રીલાલજી મહારાજના આમરણાંત ઉપવાસ—સમાધાનીના**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રયત્નો થયા છતાં ઉપાસરની નિવૃત્તિ થઈ નથી. મુનિશ્રીનો આશય ઉચ્ચ હોવા છતાં ફલિભૂત થવો અશક્ય લાગે છે, તે સંપ્રદાયના બંધુઓએ ગમે તેમ રીતે તોડ ઉતારવાની જરૂર છે.

**(૧) શ્રી રાંદેર જીવદયા ફંડ; જૈન પાઠશાળા ફંડ તથા જ્ઞાનખાતાનો રિપોર્ટ:—** સં, ૧૯૯૧ ના ભાદરવાથી સં. ૧૯૯૨ ના ભાદરવા સુધી તથા **(૨) શાહ નાથાભાઇ પાનાચંદ જૈન નિરાશ્રીત ફંડ** રાંદેરનો સં. ૧૯૯૧-૯૨ નો રિપોર્ટ હિસાબ. બંને ખાતાનો હિસાબ ચોખવટવાળો છે, વ્યવસ્થા બરાબર છે. બને ત્યાંસુધી એ જીલ્લાના જૈન બંધુઓએ જરૂરીયાત પૂરી પાડવાની આવશ્યક્તા છે.

## મુનિરાજ શ્રી અમરવિજયજી મહારાજનો સ્વર્ગવાસ

સ્વર્ગસ્થ મુનિ શ્રીમદ્ વિજયાનંદસૂરિ ( આત્મારામજી ) મહારાજના હસ્ત દીક્ષિત શિષ્ય હતા. તેઓશ્રીનો જન્મ સં. ૧૯૧૫ ના ફા. શુદ ૧૫ ના રોજ થયો હતો. મૂળ ડભોઇના વતની હતા વૈરાગ ભાવના પ્રગટ થતાં સં. ૧૯૩૮ માં અંબાલા ( પંજાબ ) શહેરમાં આચાર્ય શ્રી વિજયાનંદસુરિશ્વરજી ( આત્મારામજી ) મહારાજ પાસે ચારિત્ર અંગીકાર કર્યું. તેઓશ્રી સ્વભાવે શાંત, સરલ, ગંભીર અને નિસ્પૃહી તેમજ ચારિત્રપાત્ર અને વિદ્વાન હતા.

છેલ્લા આઠ દશ વર્ષથી શારીરિક અશક્તિને અંગે સીનોરમાંજ સ્થિરવાસ કર્યો હતો ગત ચૈત્ર માસથી રોગોએ ઉપરા ઉપરી હુમલાઓ કરવાથી તબયત લથડી જતાં તા. ૧૮-૧૦-૩૬ ના રોજ સીનોરમાં સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા છે.

તેઓશ્રીના સ્વર્ગવાસની આ નોંધ લેતાં અમોને અત્યંત દીલગીરી થાય છે. તેઓશ્રીના પવિત્ર આત્માને અખંડ અનંત શાંતિ પ્રાપ્ત થાઓ તેમ પરમાત્માની પ્રાર્થના કરીએ છીએ.

( મળેલું )

## શ્રી પુરૂષોત્તમદાસ ગીગાભાઇનો સ્વર્ગવાસ—

ભાઇશ્રી પુરૂષોત્તમ ગીગાભાઇ ૬૭ વર્ષની વૃદ્ધવયે ઘણા દિવસની બિમારી ભોગવી પરમાત્માના સ્મરણપૂર્વક પંચત્વ પામ્યા છે. તેઓ સાહિત્યપ્રેમી, લેખક, પત્રકાર અને તેમની જ્ઞાતિ તથા સંઘના અગ્રગણ્ય પુરૂષ હતા. તેઓ પોતાના વ્યાપારાદિમાં સાહસિક હોવાથી ચાર દશકા પૂર્વે સાહિત્ય-પ્રકાશનનું કાર્ય શરૂ કર્યું હતું. છાપખાનું પણ આ શહેરમાં પ્રથમ તેમણે જ તે જ વખતે શરૂ કર્યું હતું. ભાગ્યયોગે એ વખત આગનો પ્રકોપ વેપારને થયો છતાં ફરી પગભર સ્થિતિમાં પહોંચનાર તેઓ એક સાહસિક મનુષ્ય જણાયા હતા. જેઓ શ્રદ્ધાળુ, મિલનસાર, મળતાવડા સ્વભાવના અને નિડર હતા. આ સભા ઉપર તેઓનો અપ્રતિમ પ્રેમ હોઇ ત્રીસ વર્ષથી સભાસદ હતા. તેઓના સ્વર્ગવાસથી આ સભાને એક લાયક સભાસદની ખોટ પડી છે. તેમના પુત્ર તથા કુટુંબને દિલાસો દેવા સાથે તેમના પવિત્ર આત્માને શાંતિ પ્રાપ્ત થાઓ તેમ ઇચ્છીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## વકીલ મોહનલાલ હેમચંદનો સ્વર્ગવાસ.

શ્રીયુત મોહનલાલભાઈ સુમારે સીત્તેર વર્ષની વયે થોડા વખતની બિમારી ભોગવી તેમના વતન પાદરામાં સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ દેવ, ગુરૂ, ધર્મના પૂર્ણ શ્રદ્ધાળુ અને શ્રીમદ્ બુદ્ધિસાગરજી આચાર્ય મહારાજના અનન્ય ભક્ત હતા. શ્રી જ્ઞાન પ્રચારક મંડળના પ્રકાશન ખાતાના સેક્રેટરી હોઇ સાહિત્યરસિક પણ હતા. મિલનસાર, સરલ હૃદયી, ધર્મક્રિયાના રસિક હતા. સમાજના તેઓશ્રી આગેવાન હોઇ તેવા એક શ્રાવક-રત્નની જૈન સમાજમાં ખોટ પડી છે. તેમના પવિત્ર આત્માને અખંડ શાંતિ પ્રાપ્ત થાઓ તેમ ઇચ્છી તેમના સુપુત્ર મણિભાઇ તેમના પગલે ચાલી ધર્મસેવા કરે તેમ સુચવીએ છીએ.

## ભેટના ગ્રંથો.

ગયા માસમાં જણાવ્યા પ્રમાણેના સાત ગ્રંથો આવતા માસની આખરેથી અમારા માનવંતા લાઇફ મેમ્બરોને પોસ્ટ પુરતા પૈસાનું વી૦ પી૦ કરી મોકલવામાં આવશે. બે ગ્રંથોનું બાઇન્ડીંગ થાય છે, તે પુરૂં થયેથી મોકલીશું.

## શ્રી જૈન આત્માનંદ શતાબ્દિ સિરીઝના છપાતાં ગ્રંથો.

૧ શ્રી ત્રિષષ્ઠિશલાકા પુરૂષ ચરિત્ર ( મૂળ દશે પર્વો ) પ્રત તથા બુકાકારે. ( નિર્ણયસાગર પ્રેસમાં )

૨ ધાતુપારાયણ.

૩ શ્રી વૈરાગ્ય કલ્પલતા ( શ્રી યશોવિજયજીકૃત ) પ્રાકૃત વ્યાકરણ ઢુણ્ઢિકાવૃતિ.

શ્રી ત્રિષષ્ઠિશલાકા પુરૂષ ચરિત્ર ( પ્રથમપર્વ ) તૈયાર થઇ ગયું છે. ( બુક કારે તથા પ્રતાકારે ) બાઇંડીંગ થાય છે. કિંમત રૂા. ૧-૮-૦ ( પોસ્ટેજ જુદું ) બીજા પર્વો તૈયાર થાય છે

## શ્રી તીર્થંકર ચરિત્ર ( ભાષાંતર )

### શ્રી અમરચંદ્રસૂરિકૃત મૂળ ગ્રંથનું શુદ્ધ અને સરલ ભાષાંતર.

### ( છપાય છે )

આ ગ્રંથ જેમાં ચોવીશ તીર્થંકર ભગવાનના ઘણા સંક્ષિપ્તમાં ચરિત્રો આપવામાં આવેલ છે. આટલા ટુંકા, અતિ મનોહર અને બાળજીવો સરલતાથી જલદીથી કંઠાગ્ર પણ કરી શકે તેવા સાદા, સરલ સુંદર ચરિત્રો આ ગ્રંથમાં છે. જૈન પાઠશાળા, કન્યાશાળા, જૈન વિદ્યાલયમાં ઐતિહાસિક શિક્ષણ તરીકે ચલાવી શકાય તેવું છે, **મદદની જરૂર છે. આર્થિક સહાય આપનારની ઇચ્છા મુજબ અલ્પ કિંમતથી કે વિના મૂલ્યે સભાના ધારા પ્રમાણે ભેટ પણ આપી શકાશે.**

લખો—શ્રી. જૈન આત્માનંદ સભા—ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B 431.

## અમારૂં પ્રકાશન ખાતું.

### પ્રાચીન સાહિત્યના છપાયેલા ગ્રંથો. ( મૂળ. )

| | |
|---|---|
| ૧ શ્રી વસુદેવહિંડિ પ્રથમ ભાગ–પ્રથમ અંશ. | રૂા. ૩–૮–૦ |
| ૨ શ્રી વસુદેવહિંડિ પ્રથમ ભાગ–દ્વિતીય અંશ. | રૂા ૩–૮–૦ |
| ૩ શ્રી બૃહતકલ્પસૂત્ર પ્રથમ ભાગ. | રૂા. ૪–૦–૦ |
| ૪ શ્રી બૃહત્કલ્પસૂત્ર બીજો ભાગ. | રૂા. ૬–૦–૦ |
| ૫ શ્રી દેવેન્દ્રસૂરિરચિત ટીકા ચાર કર્મગ્રંથ ( શુદ્ધ ) | રૂા. ૨–૦–૦ |

### છપાતાં ગ્રંથો.

૭ શ્રી વસુદેવહિંડિ ત્રીજો ભાગ. ૮ પાંચમો છઠ્ઠો કર્મગ્રંથ.
૯ શ્રી ગુણચંદ્રસૂરિકૃત શ્રી મહાવીર ચરિત્ર. ભાષાંતર

### ગુજરાતી ગ્રંથો.

| | |
|---|---|
| ૧ શ્રી સામાયિક સૂત્ર, મૂળ ભાવાર્થ વિશેષાર્થ સહિત. | રૂા. ૦–૨–૬ |
| ૨ શ્રી દેવસિરાઈ પ્રતિક્રમણ ,, , | રૂા. ૦–૧૦–૦ |
| ૩ શ્રી પંચપ્રતિક્રમણ સૂત્ર ,, ,, ગુજરાતી તથા શાસ્ત્રી બંને અક્ષરોવાળી બુક. ( શ્રી જૈન એજ્યુકેશનબોર્ડ જૈન પાઠશાળાઓ માટે મંજુર કરેલ ) રૂા. ૧–૪–૦ | રૂા. ૧–૧૨–૦. |
| ૪ શ્રી શત્રુંજય તીર્થનો પંદરમો ઉદ્ધાર અને સમરસિંહ. | રૂા. ૦–૨–૦ |
| ૫ શ્રી શત્રુંજય તીર્થ વર્તમાન ઉદ્ધાર અને કર્માશાહ. | રૂા ૦–૪–૦ |

### અર્ધી કિંમતે.

શ્રી આત્માનંદ જન્મ શતાબ્દિના શુભ પ્રસંગે સં. ૧૯૯૨ ના ચૈત્ર શુદી ૧ થી બાર માસ માટે શ્રી આત્મારામજી મહારાજકૃત નીચેના પુસ્તકો અર્ધી કિંમતે આપવામાં આવશે ( સીલીકમાં હશે ત્યાં સુધી ).

| | મૂળ કિંમત. | અર્ધી કિંમત. |
|---|---|---|
| તત્ત્વનિર્ણયપ્રાસાદ. | ૧૦–૦–૦ | ૫–૦–૦ |
| જૈનધર્મવિષયક પ્રશ્નોત્તર. | ૦–૮–૦ | ૦–૪–૦ |
| આત્મવલ્લભ સ્તવનાવળી. | ૦–૬–૦ | ૦–૩–૦ |

લખોઃ—

**જૈન આત્માનંદ સભા—ભાવનગર.**

આનંદ પ્રિન્ટિંગ પ્રેસમાં શેઠ દેવચંદ દામજીએ છાપ્યું.—ભાવનગર.

For Private And Personal Use Only